પ્રેમની પીસ્તોલ.



પ્રેમની પીસ્તોલ

યાને

બાયડી કે શાયડી

લેખક—

શીવલાલ ત્રીભુવનદાસ મુ. વાંટાદરની

પાસેથી સર્વ હક્ક ખરીદ કરી

છપાવનાર અને વેચનાર.

બુકસેલર કંચનલાલ શાન્તિલાલ બ્રધર્સ.

મુ. નડીઆદ.

સંવત ૧૯૮૭ આવૃતી ૩જી

સન ૧૯૩૦ પ્રત ૨૦૦૦

"વાસુદેવ" પ્રીન્ટીંગ પ્રેસમાં ઇશ્વરલાલ મોતીલાલે.

છાપી, પાનકોરના નાકે—અમદાવાદ.

કીંમત છ આના.

॥ ॐ श्री तत्सत् ॥

પ્રેમની પીસ્તોલ.

પ્રકરણ પહેલું

સુંદરી કે સાપણ

જગમાં મેં જોયું દુષ્કરમાં દુષ્કર નારીને વશ કરવી રે
લાખ ટકાનાં લાડ લડાવો આપો ધનની કુંચી,
પુલ શય્યામાં રાખો તોપણ કેહશે મુજને ખુંચી—જગમાં
સુવર્ણ કયારે કસ્તુરીનું ખાતર દઈ પોષાય.
અમૃત પાશો તોય લસણની ગંધ કદી ના જાય !—જગમાં.
હાથી પર અંકુશ કર્યો કરી ઘોડા કાજ લગામ,
સ્ત્રી અંકુશ કરવા ટાણે, શું હરિ ગયો તો ગામ ?—જગમાં.
("ભીષ્મપિતામહ" નાટકમાંથી)

કૃષ્ણ પક્ષ ! ....વળી મધ્યરાત્રિ !....પછી અંધકારનું તો પુછવુંજ શું !....આખી સૃષ્ટિ ઉપર અંધકારનું આધિપત્ય પ્રસરી ગયું હતું, સર્વત્ર નિઃશબ્દતા કિંવા નિઃસ્તબ્ધતા વિસ્તરી રહી હતી. રૂદન કરી કરીને થાકી ગએલા બાળકની પેઠે આકાશનાં આવાસમાં શાન્તિનાં અખીલ ઉછળી રહ્યાં હતાં. રજની રાણીની નયન કીકીમાંથી ભયંકરતાની ભસ્મ

ઉડી ઉડીને વિશ્વનાં વડલે પથરાઇ રહી હતી. સર્વત્ર સ્વામિ અને સુંદરી નિંદ્રા દેવીનાં લલિત અંકમાં લેટી રહ્યાં હતાં પવનરાજ આખો દીવસ ઘુરકીને શાંતિનાં સદનમાં પોઢી ગયા હતાં.

વાતાવરણનું વક્ષ શબ્દ શૂન્ય સ્થિર અડોલ ઉભું હતું. ચારે દીશાઓની દીવાલોનાં શ્વાસોશ્વાસ વિરામી ગયા હતા. ગગનને ઉમરે ટગમગતા દેવ દીપકવૃંદ તારલાઓ જગતની સપાટી ઉપરનાં અંધકારનાં ઓઘને નષ્ટ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. અંધકાર અંધકારના અબ્ધિમાં અંધકારનાંજ તરંગે ઉછળી રહયા હતા. તમીરની અણુદીઠ હીંડોળા ખાટમાં સારૂએ જગત હીંચકા ખાઇ રહ્યું હતું.

આ સમયે એક સુવિશાળ દિવાનખાનામાં એક દંપતી વચ્ચે નીચે પ્રમાણે વાર્તાલાપ થઈ રહયો હતો.

"નાથ !" ઘણુંજ ગળ્યા અવાજે પત્ની બોલી ! "તમારા માતા પિતા જે બોલે છે તે હવે મારાથી સહન થઈ શકતું નથી !"

" મારા માતા પિતા એવું શું બોલે છે કે જે તારાથી સહન થઈ શકતું નથી ?" પુરૂષ બોલ્યો.

" એનું એજ !..." પત્ની મોં મરડતાં બોલી ! " બીજું શું બોલે ? દરરોજનાં મેણાં !...."

" શાનાં મેંણાં ?"

" કહે છે કે તારો ધણી નિર્માલ્ય છે. કમાવાની શકિત નથી. નાથ ! આ શબ્દો મારાથી શ્રવણ થઈ શકતા નથી. તમારા ઉપર નિર્માલ્યપણાનો આરોપ મુકાય છે ને મને કેમેય થઇ જાય છે. ! "

" રમા ! " પુરૂષ બોલ્યો ? તેમાં ખેદિત શા માટે થાય છે ? શું હું નિર્માલ્ય છું ? મારામાં કમાવાની શક્તિ નથી...? " પુરૂષના શરીરમાં પુરૂષાર્થની પ્રેરણા ગર્જી ઉઠી. તેના કપાલ પ્રદેશમાં ગૌરવના છટા તરવરી રહી. નાડીની શાખાઓમાં શક્તિનો ઘોષ ગર્જ્યો ? ગુસ્સા ભર્યા અવાજે તે વધુ બોલ્યો.

" બસ !....રમા ! વ્હાલી ! આવતી કાલેજ હું પરદેશ તરફ પ્રયાણ કરી જઈશ. મારા માતા પિતા આવું મેણું તને હરરોજ આપતા હતા તો આટલા દિવસ તેં કેમ મને જણાવ્યું નહિ ! હું નિર્માલ્ય નથી કે બાપ કમાઇ ઉપરજ તાગડ ધિન્ના કરૂં ? "

" નાથ ! આટલા દિવસ તો એ કારણથી મેં મેણાની વાત જણાવી નહિ કે કદાચિત તમે કુવિત થાઓ ! પરંતુ જ્યારે આજે ઉપરા ઉપરી મેણાં ખમવાં પડયાં ત્યારે મેં તમને જણાવ્યું છે. "

" ગાંડીરે ગાંડી ! " પુરૂષે પત્નીનો હાથ દાબીને જણાવ્યું. તારા જેવી સુંદરી ઉપર ગુસ્સે થવાની દુષ્ટતા કોઈ દિવસ મેં કરી છે ?....કે તને મારા કોપનો ડર રહેતો હતો ?...."

રમાએ પોતાનું અર્ધ શરીર પતિદેવનાં ખોળામાં નાખી દીધું. રમાનાં ગાલની લાલિમાએ પુરૂષની રસવૃત્તિને ઉછાળી !

આવેશના ઉછાળામાં રમાનાં ગાલ ઉપર પાંચ સાત ચુમ્બનો થયાં, રમાનાં વદન ઉપર અનેરૂં રસ તેજ પ્રકાશ્યું. તેના ગાલ અને ઓષ્ટ આછું આછું હસી રહ્યા. તેની આંખોમાં મોહનાંજન ઉછળ્યું ને તેનાં અણુદીઠ છાંટણાથી પુરૂષની આંખો અંજાઇ ગઈ.

પુરૂષની રસવૃત્તિ ઉછળી રમાએ પોતાના પતિને વધુને વધુ આકર્ષવા માટે ચેષ્ટાઓ કરવા માંડી રમાનાં પતિનું નામ લાલદાસ હતું. લાલદાસના ગાલ ઉપર રમાની સુકોમળ કરાંગુલીઓએ ધીમેથી તમાચો માર્યો લાલદાસે રમાનાં તમાચાનો જવાબ શું આપ્યો વારૂં ?

રમાનો કટીપ્રાન્ત ઉપરનો અર્ધ દેહ પતિના ખોળામાં મુકેલો હતો. એકાન્તમાં વસ્ત્રા છાદનની દરકાર સ્રી પુરૂષને હોતી નથી. રમાનો ઉન્નત છાતી પ્રદેશ ખુલ્લો હતો......... ...જવાદો...........સ્પષ્ટ લખવા જતાં કદાચ અસભ્યતાનો આરોપ વ્હોરવો પડશે.

લાલદાસનાં દિવાનખાનાની દિવાલો ઉપર રાજા મહારાજાઓ અને ચુંબન મીમાંસાદી આલેખાયલી ચિતાકર્ષક છબીઓ સુવ્યવસ્થિત રીતે લટકાવવામાં આવેલી હતી, ભીંતો ઉપર ન્હાના પ્રકારની વેલડીઓ ચિતરવામાં આવેલી

હતી; ને એ વેલડીઓનાં પત્રે પત્રે પક્ષીઓ બેસાડવામાં આવેલાં હતાં. દિવાનખાનામાં એક ઉમદા ગલીચા ઉપર એક બાજુએ એક સુન્દર ને સુવિશાળ પલંગ ગોઠવવામાં આવ્યો હતો, પલંગની નજીકમાં એક કોચ, અને એ કોચ ઉપર એક ચાંદીનો થાળ પડેલો હતો. એ થાળમાં દુધીનો હલવો, મોહનથાળ, જલેબી, આટા, સુતરફેણી, ઘારી જાંબુ, મેસુર......અરે! મોમાં પાણી આવ્યું! ...વધારે નામ લખવાનું બંધ રાખીએ, થાળમાં ભીન્ન ભીન્ન પ્રકારનાં ખાદ્ય પદાર્થો ગોઠવેલા પડયા હતા. થાળની બાજુમાં પાણીથી ભરેલો એક ચાંદીનો લોટો અને પ્યાલી પડયાં હતાં. કોચની પાસે એક સોફા અને એ સોફાની ઉપર એક સારંગી પડેલી હતી. પલંગની સહામી બાજુએ એક કાચનો કબાટ ગોઠવેલો હતો એ કબાટમાં ઉત્તમ જરીઆન વસ્ત્રો ગોઠવેલાં હતાં. કબાટની પાસે એક આરામ ખુરશી પડેલી હતી, અને તેની પાસે રેશમની ગાદી અને તકીયો પડયા હતા ગાદીની ઉપર એક ઝુમ્મર ઝુલતું હતું ને તેમાં દીપક પ્રજવલી રહયો હતો, દીપકમાં ઉચ્ચ પ્રકારનું અત્તર સળગતું હોઈ આખા દીવાનખાનામાં સુગંધીનો વિસ્તાર થઇ રહ્યો હતો.

રમા અને લાલદાસ રસના રત્નાકરમાં ઝુલતાં હતાં. કયાં સુધી એ યુવાન દંપતીનાં દેહો રસવૃત્તિને પોષણ આપી રહ્યા, જ્યારે રમાનાં શરીરમાંથી અત્યંત પ્રસવેદ છુટયો ત્યારે રસદીપક બુઝાઈ ગયો!

અને રમા પલંગ ઉપરથી નીચે ઉતરી અને સોફા ઉપર પડી, લાલદાસ બોલ્યો.

" શું સારંગી વગાડવાની ઈચ્છા છે ? "

" તમારી ઈચ્છા હોય તો......"

" લે એકાદ ગાયન ગા ! " લાલદાસે આજ્ઞા આપી

રમા સહેજ હસી અને પાસે પડેલી સારંગીને તેણે હાથમાં લીધી. ચંપાની કળીશી તેની કોમળ કરાંગુલીઓ સારંગીનાં તાર ઉપર ફરવા લાગી. સારંગી પણ આનંદમાં આવી ગઇ હોય તેમ અત્યંત રણકાર કરી રહી. સુર મેળવીને રમાએ ' લલીત મુગ્ધા ' નું નીચેનું ગાયન મધુર સ્વરથી લલકાર્યું.

" આવો મનમોહન ! આ યૌવન બગીચો બતાવું !
" બગીચો બતાવું ! મોહન પુષ્પે વધાવું !
" પ્રેમની ધ્વની લગાવું ! હે પ્રેમની અલખ જગાવુ ! મન૦
" આમ્રથી મીઠાં ફળ મોહન ચખાડું !
" પ્રેમની ભુરકી લગાડું ! હે ! નયનેનયન નચાડું ! મન૦
" શેતુરથી મીઠાં ફળ વ્હાલા ! ધરાવું ?
" અધર રસપાન પીવાડું ? હે! અધરરસપાન પીવાડું. મન૦
" હૃદય સરોવરની શિતળ પાળે !
" પ્રીતિને પંખે પોઢાડું ! હે! પ્રેમજળે છાંટી જગાડું! મન૦

સારંગીનો રણકાર શમ્યો....રમા પલંગમાં ગઇ ? દીપ જ્યોત સતેજ થઈ ! દંપતીનાં દેહો રસોદાધિમાં ડુબી ગયા !....ને....ને વિષય વીણાનો તાર રણકી રહ્યો ?

પ્રકરણ બીજું

અમૃત કે ઝેર.

"પિતાજી ! આજે હું પરદેશ જવાનો છું !"

"પરદેશ ?"

"હા."

"પરદેશ શા માટે જવું છે, લાલદાસ !"

"કમાવા માટે ! હું નિર્માલ્ય નથી પરન્તુ કમાવાની શકિતવાળો છું એવી તમને ખાત્રી કરી આપવા માટે !"

"પણ તને કોણે નિર્માલ્ય કહયો ?"

દરરોજ કહો છો !–તમે કહો છો ! શું હું નિર્માલ્ય છું કે તમારી એ ટકોર હું સાંખી લઉં ? બસ ! આજેજ હું ચાલ્યો જઇશ ! ને પુષ્કળ દ્રવ્ય સંપાદન કરીને પાછો આવીશ ! તમારી મિલ્કત ઉપર તાગડધિન્ના હું નહિ કરૂં !"

"લાલદાસ ! તું આ શું બોલે છે ? મેં તને કયારે નિર્માલ્ય કહયો ?....આપણી પાસે પુષ્કળ દ્રવ્ય છે ને તે જીંદગી સુધી ખૂટે તેમ નથી !....માટે તારે કયાંય જવાનું નથી. તું એકનો એક!....અમારી આંખ આગળથી દુર શા માટે રહે ? તને જોઇએ તેટલું દ્રવ્ય હું આપીશ ! ખા, પી ને મોજ કર....કમાવાની લેશ પણ ચિન્તા તારે કરવાની નથી !

"પિતાજી! મારે મોડે આવી વાત કરો છો ને મારી ગેરહાજરીમાં તમારી પુત્ર વધુ સાંભળે તેમ મને નિર્માલ્ય અને અશક્ત કહી નિંદો છો!...માટે હું પરદેશ જવા માંગું છું? કૃપા કરી મને રજા આપો!

"લાલદાસ! તું મારો એકનો એક પુત્ર છે! મુજ આંધળાંની તું આંખ છે, મુજ અપંગની તું લાકડી છે, તારામાં મારૂં સર્વસ્વ છે, ને તું મારાથી એક ઘડી પણ દૂર જાય તો મારી શું સ્થિતિ થાય? ને વળી ધન્યોપાર્જન માટે પરદેશ જવા માગે છે? શું આપણી પાસે દ્રવ્ય ઓછું છે?

"પુષ્કળ છે! પિતાજી! પણ તે બાપ- કમાઇ છે. આપ કમાઇથી મેળવેલા દ્રવ્યમાં મોજ માણવી એવો મેં નિશ્ચય કર્યો છે ને તેથી કાંઇપણ ગ્લાનિ કે સંકોચ વિના તમે મને રજા આપો?"

"લાલદાસ! પણ તું નાહક હઠ કરે છે. તને દૂર મોકલવાની મારી હિંમત કેમ ચાલે વારૂ?"

શા માટે ન ચાલે? શું દીકરા પરદેશમાં ન જાય?

"પણ તું...."

પિતાજી! તમે ગમે તેમ કરશો પણ મારો વિચાર હું ફેરવનાર નથી. માટે થોડામાં સમજી મને રજા આપો. તમારાં આશિર્વાદથી હું પુષ્કળ દ્રવ્ય એકત્ર કરીશ ને પાછો વેળાસર તમારી પાસે રજુ થઇશ."

"લાલદાસ ! જો તારો પરદેશ જવાનોજ વિચાર હોય તો નિરૂપાયે—લાચારીપૂર્વક હું તને રજા આપું છું, ને તને આશિર્વાદ આપું છું કે તને પુષ્કળ ધન મળો ને પાછો સુખરૂપ વેળાસર આવજે, બેટા !"

લાલદાસના વૃદ્ધ પિતાએ નિરૂપાય પુત્રને પરદેશ જવાની રજા આપતાં ઉપર્યુક્ત શબ્દો ઉચ્ચાર્યા, ત્યાં લાલદાસની વૃદ્ધ માતા આવી પહોંચ્યાં. લાલદાસે હાથ જોડીને માતાની રજા માગી. માતાના વ્હાલનું વર્ણન કરવાની શક્તિ જગતની કઈ શક્તિમાં છે ?

વૃદ્ધ માતા રડી પડયાં. લાલદાસે હઠાગ્રહ જારી રાખ્યો પિતાની પેઠે નિરૂપાયે માતાએ પણ રજા આપી. માતાપિતાની રજા લીધા પછી લાલદાસે પરદેશ જવાની સર્વ સામગ્રીઓ તૈયાર કરવા માંડી.

લાલદાસ પરદેશ જવાનો છે એવી વાત તેના મિત્ર મંડળમાં ફેલાઇ ગઈ. સઘળા મિત્રોએ આવીને તેને વિદાયગીરીનું માન આપ્યું, ને વળતી વખતે દરેક મિત્રે એકાદ ચીજ પોતાને માટે લેતા આવવાનું કહ્યું. મિત્રો માટે લાવવાની ચીજોની યાદી લાલદાસે ડાયરીમાં નોંધી લીધી. મિત્રોને મળી લીધા પછી તે રમાની રજા માગવા આવ્યો. રમા એ વખતે કોઈ ગહન વિચાર સાગરમાં છેક તળીએ ડુબી ગઇ હોય તેમ બેઠેલી હતી પતીને જોઇને તે ઉભી થઇને વીણાં વિનંદિત સ્વરે બોલી !

" પધારો નાથ ! "

રમા ! પરદેશ જ્વાનો તૈયારી થઈ ચુકી છે. વડીલ માતા–પિતાની રજા લઈ લીધી; મિત્ર મંડળને મળી લીધું ને હવે પ્રયાણુ કરવાને વિલંબ થોડોજ છે; ને જતા પહેલાં તારી મુલાકાત લેવા આવ્યો છું."

ચ્હેરા ઉપર વ્યાકુળતા દર્શાવીને રમા બોલી; નાથ ! શું તમે પરદેશ જશો ? પાછળ મારૂં શું ? તમારો વિયોગ હું શી રીતે સહન કરી શકીશ ?

" રમા ! તું વ્યાકુળ ન થા; સંયોગનું મુલ્ય સમજવા વિયોગની પણુ જરૂર છે. "

" નાથ ! તમારી આગળ વાત કરીને હાથે કરીને વિયોગ વ્હોરી લીધો છે; મેં તમને તે મેણુાંની વાત ન કરી હોત તો ? "

રમાએ આંખમાં આંસુ ઉભરાવ્યાં; લાલદાસ પણુ ગળગળો થઈ ગયો; રમા સુન્દરીથી દુર જતાં તેનું કાળજુ વલોવાઈ જતું હતું; પરન્તુ આપ કમાઈ મેળવવાની પ્રેરણુાની પ્રબળતા વિશેષ હતી; રમાની આંખનાં આંસુ લુસતો તે બોલ્યો.

" રમા ! તું રડ નહિ ! શાંત થા ! મને રજા આપ ! તને રડતી જોઇ મને દુઃખ થાય છે ને મારૂં હૃદય પણુ ભરાઈ આવે છે અત્યારે તો તારે હસ્તે વદને મને રજા આપવી જોઇએ. "

" નાથ ! કાળજુ કપાતું હોય ને મોં ઉપર હાસ્ય ક્યાંથી આવે....કૃપા કરી પરદેશ જવાનો વિચાર ન માંડી વાળો ? "

" રમા ! બે મહીનામાં તો હું પાછો ફરીશ. એટલા ટુંક વિયોગને તારે સહન કરી લીધેજ છુટકો છે. "

" નાથ ! બે મહીના કેવી રીતે પસાર થાય ? "

બે મહીના તો જોત જોતામાં પસાર થઈ જશે. રમા ! આંસુ લુંછી નાંખ ! મોં ઉપર હાસ્ય ફરકાવ !....ને એક ચુંબનની મારી તૃષાને છીપાવ ? "

રમાએ પાલવ વતી આંસુઓ લુછી નાખ્યાં, જાણે મહા પ્રયત્ને હસતી હોય તેમ તે હસી, રમાના હાસ્યે લાલદાસના ઓષ્ઠોને ઉશ્કેર્યો, રમાનું સુકોમળ શરીર લાલદાસે છાતી સાથે ચાંપ્યું—જોરથી ચાંપ્યું અને ગાલ તેમજ ઓષ્ઠ ઉપર બે ચાર ચુંબનો કર્યાં.

" રમા ? બોલ, પરદેશમાંથી તારા માટે હુ શું લાવું ? "

" શું લાવશો ? "

" તું જે કહે તે "

" હું કહીશ તે તમે લાવશોજ નહિ ! "

" કેમ વારૂ ? મારા બધા મિત્રોએ એક એક ચીજ મંગાવી છે તે શું હું નહિ લાવુ ? "

" મિત્રો માટે તો લાવશો...."

" ને તારે માટે નહિ લાવું કેમ ?....ગાંડીર ગાંડી ! પરદેશમાંથી લાવવાની ચિજોની મેં યાદી લખી છે; ને તારા માટે લાવવાની ચિજ તે યાદીમાં ઉમેરવાની છે ! "

" હું મંગાવું તે જરૂર લાવશો ? "

" હા, "

" પણ........ "

" રમા ! પણની ફાત જવાદે ! જે મંગાવવું હોય તે કહી દે લખેલી યાદીમાં તે ચીજ ઉમેરી દઉં ! "

" એમ ? "

" હા "

" પણ હું એક એવી ચીજ માગીશ કે તે તમને મળશે નહિ તો ? "

" એવી એક પણ ચીજ નથી કે જે દ્રવ્ય ખરચતાં ન મળે ! કરોડ રૂપીઆ આપીને પણ તારી ચિજ હું જરૂર લાવીશ, બોલ પછી ? "

" કરોડ રૂપીઆ આપશો છતાંય નહિ મળે તો ? "

" હવે લાંબી લાંબી વાતો જવાદે ! ને જે મંગાવવું હોય ત્વરા પુર્વક કહી નાખ ! "

" ઠી....ક; ત્યારે મારા માટે એક " **સ્ત્રીચરીત્ર** " લાવજો ! "

રમાએ પોતાને જોઈતી ચીજનું વિચિત્ર નામ આપ્યું ભોળા હૃદયનો લાલદાસ કાંઇ પણ ભેદ સમજી શકયો નહિ. "સ્ત્રી ચરીત્ર" નામની કોઈ ચીજ હશે એમ ધારીને તેણે ડાયરીમાં એ નામ લખી લીધું અને પછી રમાને ઉદ્દેશીને તે બોલ્યો.

"તારી ચીજ હું જરૂર લાવીશ !"

"મળી શકશે ?"

પસા આગળ બધુંએ મળી શકે છે ?"

"સ્વામીના ભોળપણ ઉપર રમાએ ગુપ્ત હાસ્ય ફેંકયું ! લાલદાસ રજા માગતો બોલ્યો.

"રમા ! હવે હું રજા લઉં છું ! પુનઃ મળીએ ત્યાં સુધી પ્રેમ પ્રણામ !"

રમાની આખમાં ઝળઝળીયાં આવ્યાં લાલદાસની કોટે વળગીને દુઃખિત સ્વરે તે બોલી !

"નાથ ! બસ જશોજ ?"

"હા."

"પાછા કયારે આવશો ?"

"બે મહીના પછી,"

"બે મહીના ઉપર થશે તો.......હું ઝુરી ઝુરીને મરીશ !"

રમા ! બે મહીના ઉપર એક દિવસ પણ થવા દઇશ નહિ. તું લેશપણ ખેદિત ન થા અને મને વિદાય આપ !"

" નાથ ! મારી જીભ ' જાઓ ' એમ બોલી સકતી નથી ! "

" તો ' જાઓ ' ને બદલે બોલ....પધારો ! " હસતાં હસતાં લાલદાસ બોલ્યો.

' જાઓ ' અને ' પધારો ' એ બે શબ્દોમાં કાંઈ ફેર છે ?

" ફેરતો નથી; બન્ને શબ્દનો અર્થ એક જ છે. પરંતુ જયારે તું કહે છે કે તારી જીભ ' જાઓ ' બોલી શકતી નથી, તો હું કહું છું કે ' જાઓ ' ને બદલે બોલ કે ' પધારો. "

" નાથ તમને અત્યારે હસવું આવે છે પણ મારા હ્રદયમાં વજ્રથી પણ કઠીન આઘાત થઈ રહ્યો છે. આહ ! તમારાવિના મારા દિવસો શી રીતે જશે ? "

" રમા ! તને કેટલી વખત કહેવું ? તું દીલગીર થા નહિ. આ વખતે તો તારે હસીને મને રજા આપીજ દેવી જોઇએ. "

" મારા ઉપર વિયોગનો માર ઝઝુમે ને હું હસું ?

" હા. "

" પણ હસવું આવતું નથી, નાથ ! "

" રમા ! " ત્યારે હું જાઈશ હસીને વિદાય આપી હોત તો મારૂં દીલ રાજી રહેત ! પણ ખેર !

"શું તમને દુખ થાય છે ? ત્યારે મારી વેદના દાબી દઇને હું હશું છું બોલો હવે ?"

અને રમાનાં વદન ઉપર હાસ્યની ભરતી ઉછળી. લાલદાસ રહામું હસ્યો.

"રમા ! બસ ! તારી સ્મિતમંડિત મુખમુદ્રા નિહાળીને હવે હું જઇશ."

અને એમ બોલીયે લાલદાસ દિવાનખાનાની બહાર નીકળતો હતો ત્યાં રમા બોલી ઉઠી.

"નાથ ?....આવો ! એક વખત હજી ભેટી લઇએ."

" લાલદાસનાં પગલાં રમા તરફ વળ્યાં, રમાએ બાહુ પ્રસાર્યા લાલદાસને તેણે બાથમાં લીધો અને લાલદાસે પણ રમાનાં શરીરને બાહુપાશમાં બદ્ધ કર્યું."

કેટલીક પળો સુધી એ દંપતી એક બીજાને ભેટી રહ્યાં અને રમાને એક પ્રતાપી ચુંબન કરીને લાલદાસ બહાર નીકળી ગયો.

"અને મુહુર્ત ટાઇમે લાલદાસે પરદેશ તરફ પ્રયાણ કરી દીધું."

પ્રકરણ ત્રીજું.

કીસ્મતની કરામત.

ગ્રીષ્મઋતુ !....અને મધ્યાહ્‌ન સમય ! પછી તાપનું તો પૂછવું જ શું ? પ્રભાકરનાં પ્રખર કીરણો વડે આખું જગત

રાખ બની ગયું હતું. પૃથ્વી રાણીનું શરીર તાપની આગમાં દગ્ધ થતું હતું. સમય બડો આકરો હતો. કોની તાકાત ભૂમિ ઉપર ઉઘાડો પગ મુકી શકે ? ચારે દિશાઓ ઝોંઝોં સોંસોં કરી રહી હતી.

આ સમયે આપણો કથા નાયક લાલદાસ સુંદરપુરની બજારના ચોકમાં આવીને ઉભો રહ્યો ઘર છોડયાને આજે છઠો દિવસ હતો. સુંદરપુર વ્યાપારને માટે સારૂં છે એમ ધારીને તેણે પહેલા વહેલું ત્યાં જવાનું પસંદ કર્યું; અને ત્યાં ન ફાવે તો પછી અન્ય સ્થળે તપાસ કરવાનો તેણે વિચાર કરેલો હતો. નોકરીની પરતંત્રતા, કિંવા પરાધિનતા વહોરવા પ્રતિ તને ઘૃણા ઉત્પન્ન થાય એ સર્વથા સ્વાભાવિક જ છે. કારણ કે તે શ્રીમંત ગૃહસ્થનું ફરજંદ હોઈ અત્યાર સુધીનું જીવન તેણે વૈભવ વિલાસમાં જ ગાળેલું છે; ને હવે પછી એકદમ મહેનત કરવા જેવી ઉતરતી પંક્તિમાં મુકાવું એવી વૃત્તિ તેને ઉદ્દભવેજ ક્યાંથી ? ને વળી નોકરીમાં ઉપાર્જન પણ શું થવાનું હતું ? કહેવત છે કેઃ

"વહેપારે લક્ષ્મીનો વાસ"

એ ન્યાયે લક્ષ્મીનો વાસ તો વહેપારમાં છે. તેથી વહેપારની દિશા પ્રતિ લાલદાસનું લક્ષ ખેંચાયું હતું. એક લાખ રૂપીઆની મીલકત તેણે સાથે જ લીધી હતી ને તેથી વહેપાર કરવામાં નાણાં સંબંધી અગવડતાથી તે મુક્ત હતો.

મધ્ય બજારમાં તે ઉભો હતો વેપારીઓનું એક મંડળ તેની પાસેથી નીકળ્યું. એ મંડળમાંના એકે લાલદાસને જોઈને પ્રશ્ન કર્યો.

“ શેઠ ? ક્યાં રહેવું ! ”

લાલદાસે ઉત્તર આપતાં કહ્યું.

“ હું મણીપુર રહું છું. ”

“ અહિં કાંઈ વહેપાર અંગે આવવું થયું છે ? ”

એક વહેપારી વાણીઆએ પ્રશ્ન કર્યો.

“ હાજી ! ” લાલદાસે નમ્રતા પૂર્વક ઉત્તર આપ્યો.

“ જરા આવોને ! આપણી દુકાને ! ” એમ કહીને એક જણે પોતાની દુકાને આવવાનું આમંત્રણ આપતાં એ પ્રમાણે કહ્યું. ”

લાલદાસ તે દુકાનદારની સાથે ગયો. બીજા વેપારીઓએ કાંઈ ધ્યાન ખેંચ્યું નહિ થોડીવારે ઉભય એક દુકાનમાં આવી પહોંચ્યા.

“ આપનું નામ શેઠ ? ” લાલદાસે પ્રશ્ન કર્યો.

“ હરકીશન ” દુકાનદારે ઉત્તર આપ્યો.

“ ને આપનું નામ ? ”

દુકાનદારે સોપારી કાતરતાં પ્રશ્ન કર્યો.

“ મારૂં નામ લાલદાસ. ”

“ વારૂ...ક્યા વહેપારને અંગે આપનું અહિં આવવું થયું છે ? ”

ગોળ જેવા ગળ્યા સ્વરે હરકીશને કહ્યું.

ચુક્ત પ્રશ્નનાં જવાબમાં લાલદાસે પોતાની હકીકત હરકીશન આગળ રજુ કરી, પોતે એક શ્રીમંત ગૃહસ્થનું ફરજંદ છે; ભાગ્ય પરીક્ષા કરવા માટેનું આ પ્રયાણ છે. વિગેરે લાલદાસે કહ્યું.

આ બધું લક્ષથી સાંભળી લીધા પછી હરકીશને કહ્યું.

"લાલદાસ શેઠ ? હું એક વ્યાપાર બતાવું, તેમાં પુષ્કળ કમાઇ છે. પરન્તુ તેના માટે થોડી રકમ જોઈએ એમ છે."

"કેટલી રકમ જોઇએ ?"

"પચાસ હજાર."

"ને કયો વેપાર ?"

"જુઓ ! શેઠ ! અહિં....અફિણ....ઘણુંજ સસ્તુ મળે છે, ને એક સામટું ખરીદીને, વહાણ મારફતે અફીણ....ચંદ્રપુરમાં અફીણનો ભાવ અતિશય તેજ છે.

આ વહેપાર....અહિંના વ્યાપારીઓના ખાસ ધ્યાનમાં છે; પરંતુ કોઇની પાસે પચાસ હજાર રૂપીઆ નહિ હોઇ સૌ કોઈ ચુપાચુપ બેસી રહ્યા છે.

"હરકીશન શેઠ !" લાલદાસ બોલ્યો "જો એ પ્રમાણે હોય તો પચાસ હજાર તેમાં હું રોકી શકું એમ છું."

"અરે ! શેઠ ! પચાસ હજારના પાંચ લાખ રૂપીઆ મળશે."

"ઠીક ત્યારે; તમારા વિશ્વાસ ઉપર સાહસ હું ખેડું છું. ને સાથે ભાગ્યનો પાસો સવળો પડશે તો તેના કારણભૂત તમે થશો.

"એ શું બોલ્યા શેઠ? વાણીયા વાણીયાને સારો રસ્તો સુઝાડે નહી તો તે કેટલી નીચતા કહેવાય? આ મોટા નફાવાળો વહેપાર મેં આપને બતાવ્યો. આપને નફો મળે ત્યારે આ ગરીબ દુકાનદારને ભુલી ન જશો એટલુંજ મારે કહેવાનું!"

"શેઠ! જ્યારે હું કમાઈને પાછો ફરીશ ત્યારે હું તમને સારૂ ઈનામ આપીશ ને અત્યારે પણ હું તમને આ ન્હાનું ઇનામ આપું છું તે સ્વીકારશો."

"એમ કહીને લાલદાસે ગજવામાંથી નોટોનું એક બંડલ કાઢયું અને હરકીશન શેઠના હાથમાં મુકયું. હરકીશને બંડલ તોડયું તો અંદરથી હજાર હજારની દશ નોટો નીકળી!

"આટલી મોટી રકમ!........દશ હજાર!........મને બક્ષીશ!" હરકીશન બોલી ઉઠયો.

લાલદાસે કહ્યું—"હા. આ દશ હજાર હું તમને અત્યારે બક્ષીસ આપું છું ને તમારા કહેવા પ્રમાણે મને સારો નફો મળશે તો બીજું ઈનામ હું એ વખતે આપીશ વારૂ પણ પચાસ હજારનું અફીણ અહિંથી ખરીદીને વહાણમાં ભરી દેવાની વ્યવસ્થા તમારેજ કરી આપવી પડશે."

" હાજી ચાલો મારી સાથે ! અફીણની ખરીદી હમણાંજ કરી લઈએ."

" હા ચાલો."

બન્ને જણા બેચાર દુકાનોએ ફર્યા. પચાસ હજારનું અફીણ બે કલાકમાં ખરીદી લીધું. ને મજુરો મારફતે તેજ વખતે વહાણમાં ભરી દેવડાવવામાં આવ્યું.

લાલદાસે હરકીશન પાસે રજા માગી પરન્તુ હરકીશનદાસ બીજે દિવસે જવાનું કહી તે દિવસે પોતાને ત્યાં રહેવાના આગ્રહનો વિવેક કરી બતાવ્યો. લાલદાસે ઘણી ના કહી પરન્તુ હરકીશનના અત્યંત આગ્રહને પરિણામે લાલદાસે તે દિવસ સુંદરપુરમાં નિર્ગમન કર્યો.

પ્રભાત થતાંજ વહાણ હંકારવામાં આવ્યાં ભાગ્યનો દાવ અજમાવવાનો લાલદાસનો આ પ્રથમજ પ્રયાસ હતો સુંદરપુર અને ચંદ્રપુર વચ્ચે દરીયો આવેલો હતો ને તેને ઓળંગીને ચંદ્રપુર જવા માટે એક પખવાડીયું થવાનું હોઈ સુંદરપુરમાંથી ખાદ્ય સામગ્રીઓ લાલદાસે વહાણમાં નાંખી દીધેલી હતી.

દરીયાના પાણીમાં ડોલતું વહાણ ચંદ્રપુર તરફ જવા ઉપડી ગયું ને આપણે પણ એ વહાણની પાછળ જવું પડશે.

પ્રકરણ ચોથું.

હાવપેચની દુનીયાં.

ચંદ્રપુરમાં ગુલાબ નામે વેસ્યા રહેતી હતી; બહારગામથી વ્યાપારાર્થે આવનારાઓને યુક્તિ પ્રયુક્તિ કરીને તે લુંટી લેતી હતી; કોઈ કોઈ વખત હજારોનો માલ, નામની કીંમત આપીને તે ખરીદી લેતી હતી; કોઈને પણ ઠગ્યા વિના તે છોડતી નહિ; ને કોણ જાણે એનામાં એટલી અઘાત આવડત હતી કે કોઈપણ ઉપાયે તે કુશળમાં કુશળ વ્યાપારીઓને પણ ઠગી જતી હતી.

દરરોજ ત્રણ વખત તે દરિયાં કિનારે આવતી ને દુરથી કોઈ વહાણને આવતું જોતી તો તેની અંદરના માલને હસ્તગત કર્યા પછી જ અન્ય વ્યવસ્થામાં તે જોડાતી. આજે બપોરે દરિયા કિનારે તે ફરતી હતી, તેની સાથે તેની સખી ચંબેલી હતી; બન્ને સ્રીઓ કિનારે ઉભી રહીને આજુબાજુ દૃષ્ટિ કર્યા કરતી હતી, થોડીવારે તેમની દૃષ્ટિ મર્યાદામાં એક વહાણ આવ્યું તે જોઈને ગુલાબ બોલી.

"પેલું....વહાણ આવ્યું જણાય છે, કેમ?"

"હા"

" આજે પરમાત્માએ શિકાર મોકલ્યો ખરો? જો એ વહાણ કોઇ વેપારીનું હશે. ને તેમાં માલ લાદેલો હશે; તો ગમે તેમ કરીને પણ હું તે મારે સ્વાધીન કરીશ. "

આ પ્રમાણે તે બન્ને સખીઓ વચ્ચે વાર્તાલાપ થતો હતો; ત્યાં વહાણ નજીક આવતું જણાયું છેક નજદીક આવતાં અફીણના ગોટાઓ ગુલાબના જોવામાં આવ્યા; ક્ષણવાર સ્થિર ઉભી રહીને તેણે યુક્તિનો વિચાર ઘડી લીધો. ચંબેલીને તેણે કહ્યું.

" ચંબેલી! દોડતી જા; બજારમાંથી અફીણનાં બે ચાર ગોટા લઇ આવ? "

ચંબેલી તુરત દોડી ગઇ અને થોડીવારમાં અફીણ લઈને પાછી આવી.

ગુલાબે અફીણ લઇને સળગાવ્યું ને તેની ઉપર એક તપેલી મુકી.

અફીણ સળગતાં તેમાંથી વાસ વછુટી. કિનારે ઉતરીને ઉભા રહેલા લાલદાસની નાસીકા ઉપર તે વાસ પડી. તે ચમક્યો. જે બાજુથી વાસ આવતી હતી તે બાજુ તરફ તે આવ્યો જ્યાં ગુલાબ અફીણ સળગાવતી બેઠી હતી; ત્યાં તે આવ્યો ને બોલ્યો.

" આ શું સળગાવેલું છે? "

" અફીણ. "

" અફીણ શા માટે સળગાવો છો ? "

" અમારે ખાવાનું પકાવવું છે ! "

" ખાવાનું પકાવવા માટે અફીણ સળગાવો છો ? શું ગામમાં લાકડા મળતા નથી ? "

" શેઠ ! " ગુલાબે કહ્યું. " આ શહેરમાં લાકડાં મળતાં નથી; એમ નથી કીન્તુ લાકડાં તો પુસ્કળ પ્રમાણમાં મળે છે પરંતુ જે ભાવથી લાકડાં મળે છે તે ભાવથી અફીણ પણ મળે છે. તો પછી શા માટે લાકડાં સળગાવવાં ? "

લાલદાસના હોજા ગગડી ગયા. પેટમાં ફાળ પડી, તે ગભરાયલા સ્વરે બોલી ઉઠયો.

" શું અફીણ અહીં લાકડાના ભાવે વેચાય છે ? "

" હા. "

" ત્યારે તો ગજબ થયો ? " એમ કહીને લાલદાસે કપાળમાં કર પછાડયો.

ગુલાબ તેની પાસે આવી અને બોલી.

" શેઠ ! ગભરાઓ નહિ ! વાતતો કહો; કે શું છે ! શાનો ગજબ થયો ? "

" પચાસ હજારનું અફીણ લઇને હું અહીં આવ્યો છું. ચંદ્રપુરમાં અફીણનો સારો ભાવ મળે છે એવું સાંભળીને હું અહીં આવ્યો છું. શું ખરેખર અફીણ લાકડાંને ભાવે વેચાય છે ? "

" ખરેખર નહિ તો ખોટું ? „ ગુલાબ બોલી ! " ખોટું કહેવામાં અને એ રીતે કોઇનું મન દુભવવામાં મને શું લાભ ? "

" ત્યારે હવે હું શું કરીશ ? " એમ બોલીને લાલદાસ દીલગીરીનો ભાવ મ્હોડા ઉપર ધારણ કરી રહ્યો.

" ગભરાઓ નહિ શેઠ ! " ગુલાબ બોલી ! " હું તમને એક રસ્તો બતાવું "

" શું ! "

અફીણ મને આપો !....છેક લાકડાનો ભાવ નહિ પરંતુ...........'

" શું આપી શકો ? "

" ભાવતો નહિ ! ...એક ઘડો ભરીને સોના મહોર હું આપુ ને બધું અફીણ મને આપી દો.

લાલદાસે વિચાર કર્યો. લાકડાના ભાવે અફીણ વેચાય તેના કરતાં એક ઘડો ભરીને સોનામહોર લેવી એ સારૂં છે આ પ્રમાણે વિચાર કરીને તેણે ગુલાબને કહ્યું " એક ઘડો ભરીને સોનામહોર મને આપો ને વહાણમાંનું અફીણ તમને સ્વાધીન કરૂં. "

" ભલે આપની ખુશી ! "

ગુલાબના હ્રદયમાં હર્ષોર્મીઓ ઉછળી રહી. લાલદાસ જોઇ શકે નહિ તેમ તેણે ચંબેલી તરફ આંખ મારી અને પછી કહ્યું.

" ચંબેલી ? જા, કાગળ વિગેરે લઈ આવ ! "

ચંબેલી ગઈ, તે આવી એટલા સમય સુધીમાં લાલદાસે પુષ્કળ વિચારો કર્યા. ચંબેલી આવીને કાગળ અને લખવાનાં સાહિત્યો રજુ કર્યા.

ગુલાબ લાલદાસ તરફ હાવ સાંધીને બોલી.

" શેઠ ! આપની ઈચ્છા હોય તો.........હવે આ કાગળ ! ને લખી આપો. "

" પણ હું આવી રીતે લખી આપીશ. "

" કેવી રીતે ? "

" હું જ્યારે માગું ત્યારે એક ઘડો ભરીને તમારે પુરૂ પાડવું. "

" તેમ લખો તો પણ મને કશી હરકત નથી તમારે જોઈએ ત્યારે ઘડો ભરી જજો. "

અને પછી લાલદાસે દસ્તાવેજ કરી આપ્યો. દસ્તાવેજમાં તેણે મોટા અક્ષરે લખ્યું કે–

" એક ઘડો ભરીને હું જ્યારે માગું ત્યારે પુરૂ પાડવાનું. "

આ વાક્યનું રહસ્ય ગુલાબ કાંઈ સમજી શકી નહી. લાલદાસે સહી કરી આપી અને વહાણ ગુલાબને કબજે સોંપી દીધું. ગુલાબ વહાણમાંનું કરીયાણુ પોતાને મુકામે પહોંચાડવાની ખટપટમાં પડી અને લાલદાસ શેઠ દરિયાનો કિનારો છોડીને ચંદ્રપુર શહેરના બજાર તરફ રવાના થયા.

માર્ગમાં તે ભાગ્યની નિંદા કરવા લાગ્યો અને તેની સાથે પેલા હરકીશનદાસ શેઠ ઉપર તેને ગુસ્સો આવ્યો. લાભાલાભ થવો એ નસીબ ઉપર આધાર રાખે છે. એમ ધારીને હરકિશનદાસ ઉપરના ગુસ્સાનો ભાવ તેણે દાબી દીધો અને પોતાના મંદ ભાગ્યને વગોવતો ધીમે પગલે ભર બજારમાં આવી પહોંચ્યો.

“ભાગ્ય પર આધાર છે નુકશાન ને નફા તણો;
“પાસો પડે સવળો ! મળે મહેનતમાંહી લાભજ ઘણો;
“પણ ભાગ્યગતિ યદિ મંદ હોય તો નફો સ્વપ્ને નહી,
“જે તે પ્રયત્ન કરો, પરન્તુ જાય હાની તો સહી !
“ભાગ્યવશ છે વાત હાનિ લાભની જાણો સહુ !
“યદિ હોય ભાગ્યોદય....મળે તો લાભને લાભજ બહુ.
“દિલગીર થવું નહિ કોઈએ ગતિ મંદ દેખી ભાગ્યની
“મટી મંદતા કો’ સમય ચમકે જરૂર રેખા ભાગ્યની

પ્રકરણ પાંચમું

લાલદાસ ચાલતો ચાલતો બજારમાં આવી પહોંચ્યો. એક દુકાન પાસે જઇને તે બોલ્યો.

“ શેઠ ! આફૂસનો શું ભાવ છે ? ”

" દુકાનદારે સામો પ્રશ્ન કર્યો. "

" કેટલું અફિણ જોઈએ છે ? "

" અફિણ મારે જોઈતું નથી ! "

" ત્યારે ? "

" આપવાનું છે ! "

" હું રાખી લઇશ !....બેસો !....શેઠ ! કેટલું અફિણ છે ? ' તે દુકાનદારે લાલદાસને બેસવા માટેની જગ્યા આપી. લાલદાસ ત્યાં બેઠો, દુકાનદારે તેની પાસે સોપારી, વરીયાળી, એલાયચી ઈત્યાદી મુખવાસની સામગ્રીઓ રજુ કરી, વિવેકનું દર્શન કરાવ્યા બાદ દુકાનદારે પ્રશ્ન કર્યો.

" તમારી પાસે કેટલું અફિણ છે ? "

" અફિણનું એક વહાણ ભરેલું છે, ને તે અહિં વેચવાનું છે. "

" બોલો, હા !....શું ભાવે આપશો ? "

" અહિંના ભાવથી હું અજાણ છું તેમ હજી સુધીમાં હું કોઈ વહેપારીની પાસે ગયેલો નથી પહેલ વહેલોજ અહિં આવેલો છું તમેજ કહી દો કે અહિંઆ ભાવ છે, ને આ ભાવે હું ખરીદ કરીશ. "

" મારા ઉપર વિશ્વાસ રાખશો ? "

" જરૂર ! "

" જુઓ ! એક તોલાના સો રૂપીઆવો અહિં અફી-ણનો ભાવ છે. ને એજ ભાવે હું તમારું બધું અફીણ

ખરીદીશ....હું જે બોલું તે સાચુંજ બોલું છું, ખોટો ભાવ મેં કહયો નથી, ને તેમ છતાં એ તમને વિશ્વાસ ન આવતો હોય તો બીજા વહેપારની પાસે જઈને અફીણનો ભાવ પુછી આવો.

આ સાંભળીને લાલદાસ ચમકયો; એક તોલાનો સો રૂપીઆનો ભાવ ! ખરેખરેજ પોતાને તે સ્ત્રીએ છેતરી લીધો છે એમ લાલદાસને લાગી આવ્યું; તો પણ ભાવની ખાત્રી કરવા માટે તેણે પ્રશ્ન કરી જોયો.

"શેઠ! આ ભાવ તમે સાચોજ કહયો છે ને !"

"વિશ્વાસ ન આવતો હોય તો બીજા કોઇને પુછી જુઓ !

"આ વિશ્વાસના કારણે હું તમને પુછતો નથી."

"ત્યારે ?"

"જો તમે કહો છો એ ભાવ સાચો હોય તો ભયંકર ઠગાયો છું !"

"હેં ! ઠગાયા ?....શી રીતે ?"

"એક કોઈ સ્ત્રી કિનારા ઉપર મને મળી ને તેણે કહ્યું કે અફીણનો ભાવ તો અહિં લાકડાના ભાવની બરોબર છે. એ ઉપરથી મેં દીલગીરી દર્શાવી; એટલે તેણે એક ઘડો ભરીને સોના મહોરોના બદલામાં બધું અફીણ આપી દેવું એ વાત કહી; મેં તે માન્ય કરી, કારણ કે લાકડાના ભાવ પ્રમાણે

અફીણુ વેચાય તેના કરતાં એક ઘડો ભરીને સોના મહોરો મળે એ ઠીક કહેવાય !....ને તે પ્રમાણે મેં તેને દસ્તાવેજ કરી આપ્યો છે. ને વહાણુ તેને સોંપાઇ ગયું છે !"

શેઠ ! જે સીએ તમને ઠગ્યા તે સીએ અત્યાર સુધીમાં તમારા જેવા સેંકડો બલકે હજારોને ઠગી લીધા છે, વારૂં; પણુ બધું નક્કી થઇ ગયું છે ?"

"હા સહી કરીને દસ્તાવેજ તેને મેં સોંપી દીધો છે ને વહાણુમાંનું સઘળું અફીણુ અત્યારે તેના મકાનમાં પહોંચી પણુ ગયું હશે !"

"દસ્તાવેજની નકલ તમારી પાસે છે ?"

"તેને તમે શું કરશો ?"

"જોઉં કે તેમાં શું લખ્યું છે ?......કદાચ કાંઈ છુટવાનો રસ્તો મળે !"

"એમ ? તો લ્યો આ દસ્તાવેજની નકલ" એમ કહીને દસ્તાવેજની એક નકલ તેણે ગજવામાં નાખી હતી તે દુકાનદારના હાથમાં મુકી અને વધુમાં તે ઉમેરતાં બોલ્યો"

"છુટવાનો રસ્તો મેં રાખ્યો છે ખરો"

દુકાનદારે અત્યંત ધ્યાનપૂર્વક દસ્તાવેજ વાંચી જોયો. પછી તેણે થોડીવાર વિચારી રહ્યા પછી કહ્યું !

"આ દસ્તાવેજમા છુટવાનો રસ્તો છે, કારણુ કે એક ઘડો ભરીને પુરૂં પાડવું એવી આ લખાણુમાં શરત છે પરંતુ સોના મહોરનું નામ કાંઈ છે નહિ."

" એટલે સોનામહોરનું નામ લખ્યું નથી; એ બરાબર છે; પરન્તુ એવી કઇ ચીજ છે કે ઘડો ભરીને આપતાં મહારા અફીણની કીંમતની બરાબર કરી શકે; કિન્તુ એવી એકપણ ચિજ છે નહિ. ને તેથી જે છુટકારો લખતી વખતે મેં રાખેલો છે તે છુટકારાનો લાભ મને કશો મળી શકે એમ નથી."

" શેઠ ! એમ ગભરાઓ નહિ ? એક કહેવત છે કે " આફત અવસરે અબધુતનો અખાડો " ને તમારા ઉપર પણ આ એક આફત ઉતરી આવી છે; માટે એ કહેવત પ્રમાણે કોઇ અબધુતના અખાડામાં જાઓ, ને અબધુતની સલાહ લ્યો."

" આ શહેરમાં કોઇ અબધુત નથી."

" છે. " તે દુકાનદારે કહ્યું " ને ચાલો હું તમારી સાથે આવું ને અબધુતનો અખાડો બતાવું. મને આશા છે કે આ આફતમાંથી અબધુતની સલાહ જરૂર તમને ઉગારશે,"

" મને તો તે અસંભવીત જેવું લાગે છે. "

" નહિ. એ વાત અસંભવીત નથી ઘણી વખત આફતોથી ઘેરાયલી વ્યક્તિઓ અબધુત પાસે જાય છે. પોતાની આફત જણાવે છે અને પછી અબધુત જે સલાહ આપે તે સલાહ પ્રમાણે વર્તતાં કેટલાયની આફતો દૂર

ચેલી મેં જોઈ છે ને તેથીજ " આફત અવસરે અબધુતનો અખાડો " એવી લોક કહેવત શરૂ થઇ ચૂકી છે. "

"ભાગ્ય સારૂ હશે તોજ આ આફતમાંથી હુ ઉગરીશ. ને જો ભાગ્ય અશુભ હશે તો અબધુતની સલાહ પણ નિરર્થક નિવડેતો તેમાં શું આશ્ચર્ય ? "

" ખરૂં........ભાગ્યની વાત તો પહેલીજ છે. "

આ પ્રમાણે વાતચીત કરતાં કરતાં ઉભય એક અબધુતના અખાડા પાસે આવી પહોંચ્યા.

પ્રકરણ છઠું.

" અબધુતની સલાહ "

" નમો નારાયણ ! "

" કલ્યાહ ! "

" યોગીમહારાજ ! " પેલા દુકાનદારે અબધુતની આગળ લાલદાસની આફત રજુ કરતાં જણાવ્યું; " આ એક શેઠ છે. તેઓને પેલી વેશ્યા ગુલાબે ઠગી લીધા છે. એક ઘડો ભરીને સોના મહોરો આપવાના બદલામાં અફીણનું આખુ વહાણ તે વેશ્યાએ પચાવી લીધું છે પરન્તુ સોના મહોરો આ શેઠે તેની પાસેથી લીધી નથી; આપની પાસે આવવાનું એક કારણ છે કે દસ્તાવેજમાં શેઠજીએ એવું

લખી આપ્યું છે કે " જ્યારે જોઈએ ત્યારે એક ઘડો પુરૂ પાડવાનું, " એટલે એક ઘડો સોના મહોરજ પુરી પાડવાની એવું લખી આપેલું નથી; માટે આપ તે સંબંધમાં કોઈ સલાહ આપો તો આવી પડેલી આફત દુર થઈ જાય; કારણ કે અફિણના બદલામાં વેશ્યા પાસેથી હજી સુધી કાંઈ લીધેલું નથી. "

આ સાંભળીને અબધુત ક્યાંય સુધી વિચારમાં બેસી રહ્યા પછી બોલ્યો.

" કોઈ પણ ચીજનું નામ લખેલું નથી કે ? "

" ના યોગીરાજ ! "

" ને જ્યારે જોઈએ ત્યારે તમે માગી શકો એવી મતલબનું લખાણ કરી આપ્યું છે ને ? "

" હા, મહારાજ ! "

" વારૂ ! ત્યારે હું તમને એક સલાહ આપુ છું "

" કહો, કહો, યોગીરાજ ! એક સ્ત્રીએ મને લુંટી લીધો છે ! " લાલદાસ વચમાં બોલી ઉઠયો. તેના સ્વરમાં ગભરાટ જોઈને યોગી અબધુત બોલી ઉઠયા,

" તમે ગભરાઓ નહિ; હું કહું તે પ્રમાણે કરશો કે તમારૂં બધું અફીણ તમને મળી જશે; પછી ? "

" અહા ! તો કેવું સારૂં ! "

લુંટાયલા લાલદાસે સ્વગત ઉદગાર કાઢયા.

" જુઓ ! " યોગીરાજ બોલવા લાગ્યા, " તમે એ વેશ્યા ગુલાબ પાસે અત્યારેજ જાઓ; અને લખી આપ્યા પ્રમાણે એક ઘડો !........એક ઘડોજ માગો !........પરન્તુ શું માગશો ? "

" આપશ્રી કહો તે ?"

" એક ઘડો ' માકડનું મુતર ' માગજો ! જાઓ ! ને વેશ્યા ગુલાબ એ ચીજ તમને પુરી પાડી શકશે નહિ; અને તુરતજ તમારો માલ વસુલ કરવા માટે રાજા પાસે જઇને ફરીયાદ નોંધાવજો. અને એ રીતે તમારો માલ તમને મળી જશે. "

એમ કહીને અબધુત સમાધી સ્થાનમાં જઇને સમાધિ ચડાવી ગયા; અખાડા બહાર નીકળીને લાલદાસ બોલ્યો.

" શેઠ અબધુતની સલાહ અત્યંત કીમતી મળી હો ! "

" કેમ ? શું હું ખોટું કહેતો હતો ? "

" તમે ખરૂં કહેતા હતા એમ હવે તે મને સમજાય છે ? "

વારૂ; હવે તમે અહિંથી સીધા ગુલાબને ત્યાં જાઓ ને અબધુતના કહેવા પ્રમાણેની ચીજની તાબડતોબ માગણી કરો. તે આપવાની ગુલાબ ના પાડે તો તુરત મારી પાસે

તમે ચાલ્યા આવજો. અહીંના રાજાની પાસે જઈને તમારી ફરિયાદ આપણે રજુ કરશું. મારૂં નામ જીવણલાલ "

"વારૂ, જીવણલાલ શેઠ! મારા માટે તમે સારી મહેનત લીધી છે; જો મને તમે ન મળ્યા હોત તો અબધુતની સલાહ લેવાનું મને સુઝત નહિ; ને મારૂં સઘળું અફીણ એ નીચ ધુતારી વેશ્યા પચાવી પડત, હવે મને આશા બંધાય છે કે મારૂં અફીણ મને પાછું મળશે. કારણ કે માગ્યા પ્રમાણેની ચીજ તેનાથી પુરી પડી શકે એમ નથી ને જ્યારે મારી માગણીની ચીજ પુરી પાડવા અશક્ત તરીકે જાહેર થાય તેજ પળે મારો માલ હું પાછો માગી શકું છું "

"બ....રૂ"

એમ વાતો કરતાં કરતાં બંને એક ચોકમાં આવી પહોંચ્યા. પેલા દુકાનદારે કહ્યું.

સ્હામેનું મકાન છે તેજ એ ધુતારણનું જાઓ ! ને ત્યાંથી મારી દુકાને મારૂં નામ પુછતા પુછતા ચાલ્યા આવજો !"

"સા....રૂં"

દુકાનદાર જુદો પડયો અને આપણો લાલદાસ ધુતારી ગુલાબના મકાન પાસે આવી પહોંચ્યો ! મકાનના દ્વાર પાસે એક નોકર ઉભો હતો તેને લાલદાસે પુછયું.

" અંદર ગુલાબ વેશ્યા છે કે ? "

" હાજી. "

" મને તેની પાસે લઈ જા."

લાલદાસે રૂવાબભેર કહ્યું;

" તમે થોડી મીનીટ અહિં, ઉભા રહો હું અંદર જઈને મારાં બાઈ સાહેબને પુછી આવું."

" સારૂ."

નોકર અંદર દોડી ગયો અને થોડીવારે લાલદાસની પાસે હાજર થઇને તેણે પુછ્યું.

" મારાં બાઇસાહેબ તમારૂં નામ પુછાવે છે!"

" લાલદાસ શેઠ" લાલદાસે કહ્યું.

નોકર પુનઃ અંદર દોડી ગયો અને સ્વલ્પ સમયમાં પાછો આવ્યો અને બોલ્યો.

" તમને અંદર બોલાવે છે, ચાલો!"

નોકરની સાથે લાલદાસ ચાલ્યો ગુલાબ વેશ્યાની પાસે લાલદાસને હાજર કરીને નોકર પોતાના પહેરા ઉપર ચાલ્યો ગયો.

" બિરાજો! શેઠ!"

લાલદાસને જોઈને ગુલાબે ગળ્યા અવાજે એક ખુરશી બતાવીને કહ્યું.

લાલદાસે એક વેશ્યા પ્રતિ એક કટાક્ષ કર્યું અને પછી તે ખુરશીમાં ગોઠવાયો. ગુલાબ વેશ્યા પણ તેની સાથે એક ખુરશી નાખીને બેઠી,

પ્રકરણ સાતમું.

માંકડનું મુતર.

સંધ્યાની સંધિકાનો સુંદર સમય વર્તમાન હતો; આકાશ ઉપર અવનવા રંગોનો છંટકાવ થઇ રહયો હતો. સ્વચ્છ બનેલા આભના આવાસ ઉપર સુવર્ણ આભરણોનાં સુવર્ણ કળશો ચકચકતા હતા વાતાવરણમાં શિતળતા પ્રસરેલી હતી. પવનરાજની મંદમંદ ગતિથી દિવસના તાપનો ઉકળાટ કંઇક અંશ સમી જતો હતો. ભાનુદેવ અસ્ત પામી ગયાને પાંચેક મિનીટ વીતી ગઈ હશે તે સમયે એક આલિશાન મકાનમાંના એક સુવિશાળ ઓરડામાં એક સ્ત્રી અને પુરૂષ ઉભય બેઠેલા હતા ને પરસ્પર દ્રષ્ટિપાત કરી રહ્યા.

જે ઓરડામાં તેઓ બેઠેલા હતા તે ઓરડાની શોભા અત્યંત સુંદર હતી; ભીંતો ઉપર આકર્ષક ચિત્રો ટાંગવામાં આવેલાં હતાં. ઉંચી કીંમતનું ફરનિચર પણ ત્યાં પુષ્કળ હતું. આખા ઓરડામાં એક ઉમદા ગાલીચો પાથરવામાં આવેલો હતો અને ઓરડાનાં અંતભાગમાં જ્યાં ત્યાં ઉમદા અત્તરનો છંટકાવ કરેલો હોવાથી બાહ્ય તેમજ આંતરિક સૌન્દર્યનો પ્રચાર થઇ રહ્યો હતો.

એ સુંદર ઓરડામાં બેઠેલા સ્ત્રી અને પુરૂષ અન્ય કોઇ નહિ પરંતુ વેશ્યા ગુલાબ અને લાલદાસ હતા. લાલ-

દાસ ખુરશીમાં ગોઠવાયો કે ગુલાબ તેની સામે ખુરશી ઉપર બેસતી બોલી.

“ કહો શેઠ? આજને આજ આવી પહોંચ્યા? ઘડો લાવ્યા છો ? ”

“ હું સોનામહોર લેવા આવ્યો નથી ! ”

“ એમ ! ” ગુલાબ સ્હેજ હસી, અને વેશ્યા લક્ષણો ચિંતચેષ્ટા કરતી બોલી! ત્યારે આપ શા વિચારે અહિં પધાર્યા છો? ”

“ જે મારે માગવાનું છે તે માગવા માટે હું અત્યારે આવ્યો છું. ”

“ તો મને આપી દેતાં કશો વિલંબ નથી. સોનામહોર તૈયાર છે. લાવો ઘડો; કે તુરતજ હું ભરી આપું ! શરત મને કબુલ છે ! ”

“ સોનામહોરો મને જોઇતી નથી. ”

“ ત્યારે ? ”

“ પ્રથમ એ કહો કે દસ્તાવેજનું લખાણ તમને માન્ય કિંવા કબુલ છે કે નાહિ ? ”

“ કબુલ છે ! ”

“ ત્યારે તમે કબુલ કરો કે દસ્તાવેજમાં સોનામહોરો તમારે આપવી એ ભાવાર્થનું લખાણું નથી. ”

“ કેમ વારૂ ? ”

"દસ્તાવેજ તમારી પાસે છે? હાથમાં લ્યો ને જુઓ!"

"ઠી....ક! દસ્તાવેજમાં એવું લખાણ છે એમ હું માની લઉં છું; બોલો પછી?"

"પછી એજ કે હું માગું તે એક ઘડો ભરીને તમારે પુરૂ પાડવાનું!"

"બેશક!"

"ને તે પ્રમાણે ન આપો તો?"

"તો?" ગુલાબ બોલી! "તો તમારો માલ તમે પાછો લઇ શકો છો!"

"એમ?"

"હા."

"ત્યારે હું માગું છું!"

"માગો!"

"એક ઘડો ભરીને "માંકડનું મુતર" મને આપો"

ગુલાબ ચમકીને એકદમ બોલી ઉઠી.

"કેવી વિચિત્ર માગણી"

"ગુલાબ?" લાલદાસ સેજ કડક અવાજે બોલ્યો માગણી વિચિત્ર હોય કે સારી હોય; મને ગમે તેવી માગણી કરવાનો હક્ક છે; ને મારી એ માગણી પ્રમાણે અત્યારે—અને આ પળે જ મને આપી દે; નહિતર મારો માલ......"

લાલદાસના ચહેરા ઉપર ફડફાટના ભાવ જોઈને ગુલાબ બોલી !

" શેઠ સાહેબ ! ડરાવજો કોઈ બીજાને ! આતો ગુલાબ વેશ્યા છે ! તમારા દાબથી કાંઈ હું ડરી જાઉં એમ નથી; જોઈએ તો કોઈ સારી ચિજની માગણી કરી લો ને તે હું તમને આપી દઉં !....આવી વિચિત્ર માગણી મારાથી પુરી પાડી શકાશે નહિ "

" તો મારો માલ તમારાથી સંગ્રહી શકાશે નહિ ! તમે ગુલાબ વેશ્યા હો કે ગમે તે હો ! મને તેની પરવા નથી હું તો દસ્તાવેજમાં લખી આપ્યા પ્રમાણે માગણી કરૂં છું તે જો તમે પુરી પાડી શકવા અશકત હો તો મારો માલ ઘડીના છઠ્ઠા ભાગમાં મને સોંપી આપો નહિતર હું હમણાં જ રાજા પાસે જઇશ. "

" રાજા પાસે કે પછી તેનાથીએ આઘે જાઓ ! "

" ત્યારે માગણી પ્રમાણે આપવાની નાજ પાડો છોને "

" હા "

" ઠીક......................

એમ કહીને લાલદાસ ત્યાંથી જપાટાબંધ ચાલી નીકળ્યો જીવણલાલ શેઠનું નામ પુછીને થોડીવારમાં તેની દુકાને લાલદાસ પહોંચી ગયો, જીવણલાલ તો લાલદાસની રાહ જોતોજ બેઠો હતો તે લાલદાસને જોતાંજ બોલી ઉઠયો

" કેમ શું થયું શેઠ !"

" તેણે માગણી પુરી પાડવા અશકિત બતાવી ! "

"એ તો મેં ધારેલું જ હતું ! વારૂ ...હવે તમારો શો વિચાર છે ? "

" રાજા પાસે જવું; ને ફરીયાદી રજુ કરવી. "

" તમે ગુલાબ વેશ્યાને જણાવ્યું કે માગણી પ્રમાણે આપી શકવાની અશકિત હોવા છતાં, માલ પચાવી પડવાની લુચ્ચાઇ દર્શાવવા અમોને રાજાનો આશ્રય લેવો પડશે ?"

" હા. મેં એ પ્રમાણે જણાવ્યું છે. "

" જવાબમાં તેણે શું કહ્યું ? "

" ચોકકસ ઉદ્ધતાઈ ! તેણે તો બતાવી છે. "

"વારૂ; ત્યારે ચાલો !......હા ! પણ...રાજાને અત્યારે મળવું એ ઠીક નહી; કારણ કે રાત્રિનો પ્રારંભ થઈ ચુકયો છે. "

" ત્યારે ? "

" આવતી સવારે કચેરીમાં જઇશું ! "

" જેવી તમારી મરજી, "

" હવે ચાલો આપણે ત્યાં તમારા સ્વાગતનો લાભ મને મળે એવું હું ઈચ્છું છુ..

" નહિ એવી તસ્દી લેવાની કશી જ જરૂર નથી ! હું કોઈ ધર્મશાળામાં રાત્રિનો સમય નિર્ગમન કરી લઇશ અને સવારમાં તમને મળીશ, પછી આપણે કચેરીમાં જઇશું ?

" વાહ ! શેઠ ! બહુ બોલ્યા ! શું તમે ધર્મશાળામાં મુકામ કરવા માગો છો ? જવાદો જી ! શું આ શહેરમાં કોઈ વેપારી નથી કે ? "

લાલદાસે ઘણી ના કહી પરંતુ જ્યારે તેણે જોયું કે જીવણલાલ શેઠનો અત્યંત આગ્રહ છે; ત્યારે તેણે આગ્રહને માન આપ્યું ! અને જીવણલાલ મેમાન લઇને પોતાનાં ગૃહે આવી પહોંચ્યો.

પ્રકરણ આઠમું

અફીણ પાછું મળ્યું

પ્રભાતનાં બાલરાત્રીનાં સુવર્ણ રંગીય રશ્મિનો પ્રવાહ જગત ઉપર ફુળી રહયો હતો. પ્રભાકરનો સોનેરી પ્રકાશ તારલ અને અંધકારને શોધી શોધીને નષ્ટ કરી રહયો હતો ઘંટનાદોના અવાજોથી દેવસ્થાનો ગાજી રહયા હતાં.

રાજમહાલયની દેવડી ઉપર પ્રભાતનાં ચોઘડીયાં વાગ્યાને સભાજનો એક પછી એક રાજકચેરીમાં આવવા લાગ્યા,

થોડી વારમાં તો સભાસ્થાન માણસોથી ચિકાર ભરાઇ ગયું " મહારાજા ચંદ્રસિંહનો જય " ના ધ્વનિ સાથે મહારાજા સભા સ્થાનમાં આવીને ઉપસ્થિત થયા સઘળાંએ

નમન આપ્યું ને ઉભા થયા મહારાજા સિંહાસન ઉપર બેઠા કે પ્રજાજનો પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા.

પ્રથમ રાજાજ્ઞાથી વારાંગનાઓ હાજર થઇ અને સભા

(સાખી)

" જીવો અમર એ રાજવી ! તપો અમર એ રાજ
" થાય ન અન્યાયી જરા ! એક ન્યાયી કાજ !
" રાજધર્મ ધર્મમર્મ ! પાળે એ રક્ષક !
" ધિક્કાર.......આ............આ.........આ..........
" ધિકકાર રક્ષક બની બને જે ભક્ષક ! ....રાજધર્મ
" રૈયત ઉપર પ્રેમભાવ ઉરે ઉભરાય છે !
" રંક અને રાયનો ઇન્સાફ અદલ થાય છે !
" એવા નરેશની જય જગતમાં બોલાય છે !
" રાજનીતિ ઉપર પ્રીતિ રાખે એ રક્ષક........રાજધર્મ

(સાખી)

" રામ રાજ્યની સમ પ્રજા; રહે હર્ષે સુખમાંય !
" ગરીબ કે શ્રીમંત હો ! ત્રાસ ન પામે કાંઈ !
" રાજધર્મ ! ધર્મમર્મ ! પાળે એ રક્ષક !
" ધિક્કાર રક્ષક બની.......બને જે ભક્ષક !
" રાજધર્મ ! ધર્મમર્મ ! પાળે એ રક્ષક !

' મંગળ '

સંગીતની પુર્ણાહુતિ થઇ અને એક પટાવાળાએ મહારાજાને નમન કરીને કહ્યું.

" ના. કોઈ અરજદાર અંદર આવવાની રજા માગે છે.

" સારૂ તેમને આવવા દે. "

પટાવાળો ગયો અને થોડીવારે લાલદાસ અને જીવણ-લાલ શેઠ મહારાજા ચંદ્રસિંહ પાસે આવીને ઉપસ્થિત થયા મહારાજાએ તેમને જોઇને પ્રશ્ન કર્યો,

" તમારે શી અરજ કરવાની છે, "

" નામદાર સાહેબ ! લાલદાસે કહેવા માંડયું. હું પરદેશી વ્યાપારી છું. વ્યાપારના કાર્ય પ્રસંગે હું અહીં આવેલો છું પરંતુ દરીયા કિનારે ઉતરતાંજ હું ઠગાયો બીજું લુટાયો છું. મારો સઘળો માલ વેશ્યા ગુલાબે પચાવી પાડેલો છે જો કે મેં તેને સોંપેલો છે પરંતુ દસ્તાવેજમાં એવી શરત છે કે " એક ઘડો ભરીને પુરૂ પાડવાનું " ને તે પ્રમાણે મ્હારી મરજીમાં આવે તે ચિજ ગુલાબની પાસે માગી શકું ને તેની પાસે મેં માંકડના મુતરથી એક ઘડો ભરીને માગણી કરી કાં તો મ્હારી માગણી તે પુરી પાડે યા તો મારો માલ મને પાછો આપે પરંતુ તે તો મને કશોજ જવાબ આપતી નથી ને તેથી આપ સાહેબની પાસે ન્યાય માગવા હું આવ્યો છું મને આશા છે કે આપ નામદાર શ્રી તરફથી ઉચિત ન્યાય મળશે. "

ચંદ્રસિંહ મહારાજા આ સાંભળીને ઘડીભર ચુપ રહયા પછી બોલ્યા.

" વારૂ, તે દસ્તાવેજ તારી પાસે છે કે ? "

" હા. જી ! "

" લાવ, બતાવ ! "

લાલદાસે વેશ્યાને કરી આપેલા દસ્તાવેજની નકલ મહારાજના હાથમાં આપી. મહારાજાએ તે વાંચી જોઈને લાલદાસની વાત ઉપર તેમણે ધ્યાન આપ્યું.

શેઠ ! આ દસ્તાવેજમાંના લખાણ પ્રમાણે ગુલાબ વેશ્યા પાસે એક ગડો ભરીને ગમે તે વસ્તુની માગણી તમે કરી શકો છો, ને જો તે પુરી ન પાડે તો તમારો માલ તેણે પાછો આપવો જોઇએ.

" હા. નામદાર ! "

અને તુરત ગુલાબ વેશ્યાને રાજકચેરીમાં બોલાવવામાં આવી, ગુલાબને જોઇને મહારાજાએ કહ્યું.

ગુલાબ ! આ માણસનો કેટલો માલ અજમ કર્યો છે ?

" નામદાર ! તેણે સ્વખુશીથી પોતાનો માલ મને સોંપી દીધો છે. "

" શું માલ અને કેટલો માલ છે ? "

" માલમાં બીજું કશું નથી ફકત અફીણજ છે. "

" વારૂ '....આ દસ્તાવેજ કરાવીનેજ તેનો માલ તેં કબજે કર્યો છે ને ? "

" હાજી ! "

" આ હસ્તાવેજ તને કબુલ છે ને ?"

" હાજી !"

ત્યારે હસ્તાવેજ કરી આપનારની હરકોઇ માગણીને પુરી પાડવા માટે તું બંધાઈ ચુકેલ છે.

" ને તેની ના હું પણ કયાં કહું છું. સોનામહોરોનો એક ઘડો ભરી આપવાની અમારે વાતચીત થઇ છે."

" વાતચીત થઈ હશે; પરંતુ લખ્યું વંચાય. એ પ્રમાણે આ હસ્તાવેજમાં જે વંચાય છે તે પ્રમાણે તારે વર્તવું જોઇશે."

" પણ તેઓએ કેવી વિચિત્ર માગણી કરી છે."

" ને તારે એ વિચિત્ર માગણી પણ પુરી કરી આ-પવી પડશે ને તેમ ન બની શકે તો સઘળુ અફીણુ આજને આજ તેના મુળ માલીકને સોંપી આપ."

" નામદાર ! એ માગણી હું શી રીતે પુરી પાડી શકું.

"તે તારે જોવાનું છે ! હું પુછું છું કે માગણી પ્રમાણે આ માણસને તું આપી શકીશ કે નહી ?"

" નાજી]"

ત્યારે તેનો માલ આજને આજ સોંપી આપ. જાઓ શેઠ એક પોલીસને લઈ તમારૂં સઘળું અફીણુ કબજે કરી લ્યો. ન્યાય ચુકવાઈ ગયો કચેરી વિસર્જન થઇ વેશ્યા ગુલાબ પાસેથી પોતાનું સઘળુ અફીણુ લાલદાસને મળી ગયું. જીવ ણુલાલનો તેણે અત્યંત આભાર માન્યો અને બજાર ભાવથી

બે ટકા ઓછા લઇને સઘળું અફીણ લાલદાસે જીવણલાલ શેઠને આપી દીધું. જીવણલાલે હીસાબ કરીને તેજ વખતે કુલ રકમ આપી દીધી. લાલદાસ આનંદમાં આવી ગયો. હરકિશનના કહયા પ્રમાણે પાંચ લાખને બદલે સાત આઠ લાખ રૂપીયાનો તેને નફો મળ્યો. ભાગ્યનો પાસો સવળો પડયો એમ તેણે ધાર્યું.

થોડા દિવસ લાલદાસ ત્યાં રોકાયો અને પછી મણીપુર આવવાની તેણે તૈયારી કરી મિત્રોએ મંગાવેલી ચીજો તેણે ચદ્રપુરમાંથી ખરીદી લીધી પછી એક રહી રમાની મંગાવેલી ચીજ........સ્રી ચરિત્ર !

ભોળા અને સરળ હૃદયનો લાલદાસ ' સ્રી ચરિત્ર ' નામ કંઇક ચિજ ન હોઇ શકે એટલુંયે ન સમજી શકયો ને આખાએ ચંદ્રપુરમાં ' સ્રી ચરિત્ર ' માટે તે ફરી વળ્યો જે દુકાને જઇને તે પુછતો તે દુકાને તેની મશ્કરીજ થતી લોકોએ તેને દિવાનો માની લીધો. અફીણના વેપારમાં મળેલી પુષ્કળ કમાઇથી અંજાઇ જતાં લાલદાસ ગાંડો થઇ ગયો છે એમ ચંદ્રપુરની ઘણી ખરી પ્રજાએ માન્યું. છેલ્લે એક જણને સ્રીચરિત્ર વિષે લાલદાસે પૂછયું ને તેનો ઉત્તર મળ્યો.

"ગુણવંતી વેશ્યાને ત્યાં 'સ્રી ચરિત્ર' મળશે !"

આમ કહેનારે લાલદાસની ફકત મશ્કરીજ કરી હતી પરંતુ લાલદાસે તે સત્ય માની લીધું અને નામ ઠેકાણું પુછતો તે ભોળો યુવક ગુણવંતી વેશ્યાને ત્યાં આવી પહોંચ્યો.

પ્રકરણ નવમું.

અનાખટી આપડી.

ગુણવંતી વેશ્યાના મકાનમાં લાલદાસે પગ મૂકયો કે તેની દ્રષ્ટિએ એક મોટી નોબત પડી નોબતની પાસે તેને વગાડવાની દાંડી પડેલી હતી. લાલદાસે એકદમ પાંચ સાત અવાજ કરી નાખ્યા અને ગુણવંતીનું મકાન ગાજી ઉઠયું.

" હું ! હું ! કોણ છે ? "

" હું લાલદાસ શેઠ ! " લાલદાસે જણાવ્યું.

" શેઠજી ! તમને ખબર છે કે નોબતનો એક અવાજ કરવાનો ચાર્જ શું આપવો પડે છે ? "

" ના. "

" ત્યારે ચાર્જની ખબર વીના એકદમ પાંચ સાત અવાજ શા માટે કર્યા ? મારો ચાર્જ હું વસુલ કરીશ ?

" પણ તારો કેટલો ચાર્જ છે ? "

" એક અવાજના એક હજાર. "

" વારૂ, મેં કેટલા અવાજ કર્યા ? "

" આસરે સાત ! "

" લે ત્યારે આ સાત હજાર ! " એમ કહીને લાલદાસે સાત હજારની નોટો ગુણવંતીને ગણી આપી. ગુણવંતી અંજાઈ ગઇ. આજ સુધીમાં એક ઉપર બીજો અવાજ કરનાર તેવો કોઇને પણ જોયો ન હતો; ને આમ

આવસાત અવાજ કરનારને જોતાં તે છકજ થઈ ગઈ થોડી વાર પછી તે બોલી. ચાલો અંદર પધારો ! ”

બન્ને વિલાસાલયમાં આવ્યા ગુણવંતીએ પુછ્યું.

“ ગાયન સાંભળવાની ઈચ્છા છે ? ”

“ એવી કોઈ ઈચ્છાથી હું અહિં આવ્યો નથી. ”

“ ત્યારે ? ”

“ એક ચીજની મને જરૂર છે ને તમારી પાસે છે ! ’

“ શું વારૂ ?

“ સ્રી ચરિત્ર ’

“ થોડીવાર વિચારી રહ્યા પછી ગુણવંતી બોલી.

“ કોણે મંગાવી છે ? ”

“ મારી પત્નીએ. ”

“ વારૂ તે ચીજ મારી પાસે છે ! ”

“ તો કૃપા કરીને મને આપો ને જોઇએ તેટલી કીંમત લો ”

“ જો તે ચિજ તમારે જોઇતી હોય તો હું કહું તેમ તમારે વર્તવું પડશે. ”

“ કબુલ. ”

“ તમે આ વેષ પહેરો; ને જ્યાં હું તમને મુકી આવું ત્યાં તમારે થોડા દીવસો સુધી રહેવું. ત્યાંથી તમને જોઇતી ચિજ જરૂર મળી જશે. ”

" તમે કહો તે કરવા હું તૈયાર છું ! "

" ત્યારે પહેરો સ્ત્રીનાં કપડાં ! "

" એમ કહીને ગુણવંતીએ સ્ત્રીનાં કપડાં લાલદાસ આગળ રજુ કર્યાં.

વાંચકો ?......ને લાલદાસે તે સ્ત્રીનાં કપડાં પહેર્યાં પણ ખરાં ? અહો ! ભોળુ અને સરળ હૃદય ! ગુણવંતીએ કહ્યું ? "

" હવે ચાલો મારી સાથે. "

" ક્યાં ? "

" હું લઈ જાઉં ત્યાં ! "

" વારૂ...ચાલો. "

" હા, પણ સંભાળજો ! ઘણી ચાલાકી પુર્વક તમારે ત્યાં રહેવાનું છે કોઇને ખબર ન પડવી જોઇએ કે તમે પુરૂષ છો. કારણ કે બાહ્ય ચિન્હ પુરૂષનું જે મુછ છે, તે હજી તમને આવી નથી. વળી બાલ પણ એક સ્ત્રીના જેટલા લાંબા છે એટલે બનતાં સુધી તો તમને કોઈ કળી શકશે જ નહિ. "

" ને મને " સ્ત્રી ચરિત્ર તો મળશે ને ?

" કેટલા દિવસો પછી ? "

" એક માસની અંદર ! "

આ પ્રમાણે વાતચીત કરતાં તેઓ ઉભય એક મોટા

મકાન પાસે આવી પહોંચ્યા આડી અવળી નજર કરી ગુણવંતી મકાનની અંદર દાખલ થઇ અને લાલદાસ તેની પાછળ દાખલ થયા.

" શેઠ સાહેબ છે કે ? "

" ઓહ ! ગુણવંતી બોલ શું છે ? "

" ત્હમને થોડી તસ્દી આપવાની છે. "

" શું ?

" થોડા દિવસો ઉપર મણીપુરના એક શેઠ મારે ત્યાં આવેલા હતા અને તેમને અચાનક બહારગામ જવાનું થવાથી આ તેમની પત્નીને મ્હારે ત્યાં મુકી ગયેલા છે પરંતુ એક શેઠીઆની સ્ત્રી મ્હારા જેવી એક વેશ્યાને ત્યાં બહુ વખત સુધી રાખવી એ મને ઠીક લાગ્યું નહી; ને તેથી હું તમારી પાસે આવેલી છું. "

" તો વહુને મારે ત્યાં મુકી જા તેમના પતિ આવે ત્યારે મારે ત્યાં મોકલજે ! "

" બસ એટલી ? તસ્દી તમને આપવા માટે જ હું આવેલી છું ! "

" એમાં તસ્દી શાની ? વારૂ, વહુ ? આપણે ત્યાં રહેજો. "

ત્યારબાદ ગુણવંતી ત્યાંથી ચાલી ગઇ અને વહુ બનેલો લાલદાસ ચંદ્રપુરના એક નામાંકિત ગણાતાં વયોવૃદ્ધ શેઠને ત્યાં રોકાયો.

પ્રકરણ દશમું.

ચાંડાલીની ચંચળા.

જે શ્રીમંત શેઠને ત્યાં લાલદાસ થોડા દિવસને માટે સ્ત્રી વેશમાં રોકાયો, તે શેઠનો પુત્ર કાંઈ કારણસર બહાર ગામ ગયેલો હતો ને ... વીસ દિવસો પછી ચંદ્રપુરમાં આવે એમ ...

રાતે શેઠાણીએ ... પોતાના ઘરમાં આવેલાં નવાં વહુજીને પોતાની ... ની સાથે સુઈ રહેવાનું કહ્યું.

શેઠની પુત્રવધુ ... હતું. દેખાવમાં તે સુંદર અને સ્વભાવે અત્યંત ... નવી વહુને તેણે પોતાના શયનગૃહમાં સુવાડી.

આખી રાત્રિ પસાર થઈ ગઇ, ને બીજી રાત્રિ પણ ત્રીજી રાત્રીએ ચંચળાને નવી વહુના સ્ત્રી પણા વિષે શંકા ઉપજાવી ને તેથી તેણે સખ્તાઇપુર્વક પુછી જોયું.

" તું સ્ત્રી છે કે પુરૂષ ? મને તારા સ્ત્રી પણા વિષે શક જાય છે.

" સાચું જાણવા માગો છો, ત્યારે ! "

" હા. "

લાલદાસે સઘળી હકીકત કહી સંભળાવી. સ્ત્રી જાતિ

મેળવવા માટે પોતે સ્ત્રીવેષ પહેરેલો છે એમ પણ જણાવી દીધું. આ સાંભળીને ચંચળા બોલી.

" સ્ત્રી ચરિત્ર મારી પાસે છે ને તે હું તમને આપું પણ તેની કીંમત આપી શકસો ?"

" અરે ! એકથી એક લાખ રૂપીયા સુધી. "

" નહિ, સ્ત્રી ચરિત્રના બદલામાં મને રૂપીઆ જોઈતા નથી; પરંતુ......."

" ત્યારે શું ? "

" તમારો પ્રેમ. "

" એટલે ? "

" મારા તરફનો પ્રેમ "

" તે હું તને આપીશ. "

" તો સ્ત્રી ચરિત્ર તમને મળશે. "

" ક્યારે ? "

" જ્યારે આપણી વચ્ચેનો પ્યાર મજબુત થશે ત્યારે. "

તે રાત્રિએ એટલીજ વાત થઈ ને દિવસ જતાં ઉભય વચ્ચે નિંદનીય વ્યવહાર શરૂ થયો. વિષય વિકારમાં તેઓ બન્ને અત્યંત ઉન્મત બની ગયા. ઉભયનાં જીવન સ્હામે ' **પ્રેમની પિસ્તોલ** " તાકી રહી, ચંચળા અને લાલદાસ પાપને પંથે પ્રયાણ કરી રહયાં.

ચંચળાનો પતિ બહારગામથી આવ્યો તે દિવસે ચંચળાએ લાલદાસને કહયું.

આજ રાત્રે જે ચરિત્ર હું ભજવું તે તમારે મુંગે મ્હોંડે જોયા કરવું, જો જો એક અક્ષર પણ બોલ્યા તો."

સારૂયે જગત શાંતિ સુંદરીના ખોળામાં લોટી રહ્યું હતું સર્વ સ્વામી અને સુંદરીઓ નિદ્રાનારીના લલીત અંકમાં સુઇ ગયેલાં હતાં શયનગૃહમાં ચંચળા અને તેનો પતિ માત્ર બેજ હતા ! મોડી રાત્રે ચંચળાનો પતિ નિદ્રાધીન થયો અને ચંચળા જે રૂમમાં 'વહુજી લાલદાસ' સુતા હતા તે રૂમમાં આવીને બોલી !

"મારૂ ચરિત્ર હવે ભજવાય છે જોવુ હોયતો ચાલો"

લાલદાસ તુરત ઉભો થયો ચંચળા પોતાના શયન ગૃહમાં આવી તેનો પતિ ગાઢનિદ્રાને આધીન થઇ પડેલો હતો એક ખુણામાં સંતાડેલી તલવાર ચંચળાએ હાથમાં લીધી લાલદાસ કમકમી ઉઠયો તલવાર મ્યાન મુક્ત થઈ લાલદાસને થરૂજ વછુટી ચંચળાએ હાથમાં જોરથી તલવાર પકડી નિરલ પગલે તે પતિના શરીર તરફ ગઇ ગઇને ગજબ ગુજાર્યો ! તલવારનો એકજ ઘા ? તે ચંડાલિની ચંચળાએ તલવારના એકજ ઝપાટે પતિનું ખુન કરી નાખ્યું.

લાલદાસ ગભરાઇને બોલી ઉઠયો.

"ગજબ ! ગજબ ! ચંચળા ? આશું કર્યું ?'!

'ચુપ ! જો એક અક્ષર બોલ્યા છો તો તમારી પણ આ દશાજ કરવામાં આવસે !"

લાલદાસનું મ્હોં બંધ થઇ ગયું, ચાંડાલિની ચંચળાએ એક મજબુત કપડાનો કકડો લીધો પતિનું શબ તે કકડામાં તેણે બાંધ્યું પછી એક રસી લઇને શયનગૃહમાંની બારીના સાંભલા સાથે એક છેડો બાંધ્યો અને બીજો છેડો બહાર લટકાવ્યો પછી લાલદાસને તેણે કહ્યું.

"હવે તમે આ રસી વડે નીચે ઉતરી પડો....આ પોટલાને લઈને હુ પણ નીચે આવું છું"

"ને પછી ?"

તમને જે વેશ્યા મારે ત્યાં મુકી ગઇ છે તે વેશ્યાને ત્યાં જઈશું !

શા માટે ?

ત્યાં ન જવું હોય તો મારો આગ્રહ નથી

વારૂં....એતો બધું ઠીક પરંતુ "સ્ત્રીચરીત્ર" ક્યારે મળશે ?

સમય જતાં તમને તે ચીજ મળી જશે હાલ તો ઉતાવળ કરો નીચે ઉતરી પડો ? કોઇ આવી પહોંચશે તો,

ચંચળાએ પોતાનું વાક્ય પુરૂં કર્યું નહિ ત્યાર પહેલાં લાલદાસ રસી વડે નીચે ઉતરી પડયો. ને ત્યાર પછી થોડીવારે ચંચળા પણ પતિના શબનું બાંધેલું પોટકું લઈને નીચે ઉતરી પડી ? ત્યાંથી પછી બંને પ્રથમ દરીયા કિનારે આવ્યા.

કિનારે ઉભી રહીને ચંચળાએ પતિના શબને દરીયાનાં અગાધ પાણીમાં ફેંકી દીધું.

અહો ! કુલ્ટા સ્ત્રીઓ કેટલી ભયંકર સ્વભાવવાળી હોય છે ? પતિ કે જે પ્રભુવત માનવા યોગ્ય છે; અરે ? તેનું ખુન કરવા જેટલી પતિની પીશાચિની, ચંડાલિની ચંચળા ? તારૂં ઘોર કિંવા અક્ષમ્ય પાપ જગત [illegible]ોગી કદાચ અણુ-જાણુ રહી જશે; પરંતુ જગત[illegible] [illegible]હાર સર્વેશ્વર પરમાત્માથી એ અજાણ્ [illegible]

લાલદાસે સ્ત્રીનાં [illegible] યાં ને દરીયામાં [illegible]ંકી દીધા. પુરૂષ પોષાક આ[illegible] [illegible]ખેલોજ હતો.

આ બધું થઈ રહ્યા [illegible] [illegible]ગ્યો.

" ચંચળા ! એ પણ ફેંકી [illegible]

" શું "

" તારા હાથમાં છે તે. "

" તલવાર ? "

" હા. "

" નહિ તેની મને ખાસ જરૂર છે. "

" ચંચળા ! પણ જાળવજો હો ! મારા હાલ પણ... "

" વાલા ! એ શું બોલ્યા ? આપણાં બંનેની સામે " પ્રેમની પીસ્તોલ " તાકી રહી છે. જેમ તમે મને અંતરથી ચાહો છો. તેમ હું પણ તમને ખરા અંતઃકરણ

પુર્વક ચાહું છું. પ્રિતમ તમારા ઉપર તો મારૂં તન મન ધન કુરબાન છે ”

ચંચળા ઉકત શબ્દો એવા તો સુમધુર સ્વરે ઉચાર્યા, ન શબ્દોચાર વખતે એવા તો મોહક હાવ ભાવ કિંવા અભિનય કર્યો કે લાલદાસની વિષયવૃત્તિએ ઉછાળો લીધો.

ચંચળાની છેક નજીક તે આવ્યો. અને માશુકનાં દેહને છાતી સરખો ચાંપીને તેના ગુલાબી ગાલો ઉપર એ અલબેલા આશકે ઉપરા ઉપરી પાંચ સાત ચુંબનો કરી નાંખ્યા.

બે ચાર દિશાઓમાંથી શિયાળોનાં કર્કશા અવાજ આવ્યા ને આથમી ગયા.

પ્રકરણ અગીયારમું

ખુન !

સાધારણ રીતે જોતાં અંધારી રાતનું સ્વરૂપ બીહામણું દેખાય છે. એક બીહામણી રાત્રિએ એક ગામને પાદર બે વ્યકિતઓ આવી પહોંચી.

એકે કહ્યું.

“ ચંચળા ! મારા સસરાનું ગામ આ વીરપુર. ”

“ બસ આજ કે ? ”

" હા. "

" અહિંથી તમારૂં ગાંમ મણિપુર કેટલું દુર ? "

" ચાર ગાઉ. "

" બસ ? વારૂ...તમારાં પત્ની રમાગોરી તેનાં પિયરમા છે કે ? સ્વસુર ગૃહે ! "

" હું જ્યારે ઘેરથી નીકળ્યો હતો ત્યારે મારી રમા મારે ત્યાંજ હતી. "

" ઘર છોડયાને કેટલો વખત થયો ? "

" દોઢ બે મહીના થશે ! "

" કદાચ આટલા વખતમાં તમારી રમા તેને પિયર આવી હોય તો. "

" તો રાત્રિ અહી ગુજારીએ સ્હવારે તપાસ કરીને આગળ પ્રયાણ કરીએ. "

" એ ઠીક પરંતુ તમારા સ્વસુરનું ગૃહ મને અત્યારેજ બતાવો તો સારૂ "

અત્યારે ગામમા જવું એ જોખમ ભર્યું છે. "

" કેમ વારૂ ? "

" અંધારી રાત્રી છે સુમારે દસેક અગીઆરનો સમય થયેલો છે અત્યારે આપણે ગામમાં પ્રવેશીએ ને કોઈ સીપાહી હેરાન કરે તો તે સંભવીત છે. "

કાંઇ હરકત નહી પરંતુ તમારા સ્વસુરનું ગૃહ મારે અત્યારેજ જોવું જરૂરનું છે. "

ચંચળાના હઠાગ્રહને લાલદાસે માન આપ્યું બંને વિરપુર ગામમાં દાખલ થયા આડાઅવળા રસ્તા પસાર કરીને એક મકાન પાસે આવીને લાલદાસે કહ્યું,

" જુઓ આ ઘર "

" આ ઘર તમારા શ્વસુરનું છે ? "

" હા. "

તે ઘરની એક પછીત જાહેર રસ્તા ઉપર પડેલી હતી; એ પછીતમાં એક બારી હતી ને તે ખુલ્લી હતી ચંચળાએ તે જોઇને પછી લાલદાસને કહ્યું

" તમે અહિંજ ઉભા રહેજો. "

" ને તું કયાં જાય છે ? "

" પેલી બારી દેખાય છે ત્યાં સુધી ચઢીને અંદર જરા જોઇ આવું. "

" ચંચળા ? ચંચળા ? "

" ચૂપ. "

લાલદાસ એકદમ ચુપ થઇ ગયો. ચંચળાના હાથમાં તલવાર હતી. જે રસીવડે ચંચળાના પોતાના મકાનમાંથી પત્નીના શબની સાથે નાસી છુટી હતી છે રસી તેણે તલવારની પઠે સાથેજ લઇ લીધી હતી. રસી ફેંકીને તેણે બારીના કઠેરામાં ભેરવી દીધી અને પછી નીચેનો છેડો ખેંચી જોયો. મજબુત રીતે ભરાઇ ગયાની ખાત્રી થઈ અને ચંચળા રસીના આધારે ઉપર ચડી.

બારી પાસે તે આવી અંદર તેણે દ્રષ્ટિ કરી. પાંચેક મીનિટ તલ્લીનતાપૂર્વક જોઇ રહી. પછી એકદમ તે નીચે ઉતરી પડી અને બોલી.

"હવે તમે ઉપર જાઓ." ને જુઓ

"શું !"

"તમારી પત્ની રમા સુતાં છે તે !"

"શું રમા અહિં છે ?"

"ચોક્કસ ?"

લાલદાસ તુરત રસીના છેડાને અડક્યો ત્યાં ચંચળા બોલી ઉઠી.

"પણ ખબરદાર ? ઉપર જઇ, અંદરનું દરદ જોઇ તુરતજ નીચે નહી આવ્યા તો."

"જોઇને તુરતજ આવતો રહીશ."

અને એમ કહીને લાલદાસ રસી પકડીને બારી સુધી ચડ્યો. બારી વાટે અંદર દ્રષ્ટિ કરી ને તેની આખો એકદમ પહોળી થઇ ગઇ; તેની પત્ની રમા એક દાઢીવાળા મુસલમાનને પોતાની સોડમાં લઇને સુતેલી હતી.

ચંચળાનો સીસકારો તેના કાન ઉપર આવ્યો. જલતા જીગરે તે નીચે આવ્યો. ચંચળાએ પુછ્યું.

"કેમ શું જોયું ?"

"ચંચળા ? ચંચળા ? શું સીઓ......"

" ચુપ ! ......એ બધો બકવાદ પુરસદે !.........
હવે પુન; હું ઉપર ચઢું છું ને થોડીવારમાંજ પાછી નીચે
આવું છું "

પત્નીનાં પાપાચારને જોઈને બળી જળી રહેલો લાલ-
દાસ કશું બોલ્યો નહિ ચંચળા તલવાર લઈને એકદમ રસી
વડે ઉપર ચડી ગઈ અને બારી વાટે મકાનની અંદર
દાખલ થઇ ગઇ. લાલદાસ સ્તબ્ધ ઉભો રહ્યો.

થોડી વાર પછી ચંચળા રસી પકડીને નીચે આવી
પહોંચી આ વખતે તેની પાસે એક નાનકડી પેટી હતી
ટીને જોતાંજ બોલ્યો.

" આ પેટી લાવવાનું પ્રયોજન ? "

" આ પેટીની અંદર તે ચીજ છે કે જે ચીજ તમારી
પત્નીએ મંગાવેલી છે. "

શું આ ચરિત્ર ? "

" હા "

" સાચું બોલે છે ? "

" તમારી રમાની સાથે જે માણુસ સૂતેલો હતો તે
માણુસનું માથું આ પેટીમાં છે "

" હેં શું તેનું ખુન કર્યું ? "

" હા.......ને જુઓ ! હવે આપણે એકદમ ગામ
બહાર નીકળી જઇએ સવારે ગામમાં દાખલ થઈ તમારા

સસરાને ત્યાં આવીશું આકાશનાં ખુનની વાત રમા કેવી રીતે છુપાવે છે એ જાણુવા મળશે. એક દિવસ રહીને પછી રમાને લઇને આપણે મણિપુર તરફ ઉપડી જઈશું ત્યાં ગયાં પછી જ્યારે રમા ' સ્ત્રી ચરિત્ર માગે ત્યારે આ પેટી આપીને તેમાં સ્ત્રી ચરિત્ર છે તે લઈ લેવા કહેજો ! "

લાલદાસ કાંઈ બોલ્યો નહિ થોડી વારે ચંચળા અને લાલદાસ ધીમે ધીમે ગામ બહાર નીકળી ગયા.

પ્રકરણ બારમું.

" રમાના ઉદ્દગારો ! "

લોહીની ધારાના સ્પર્શે રમા ચમકીને જાગી ઉઠી પોતાના આશકનું ખુન થયેલું જોતાંજ તે પ્રથમ તો કમકમી ઉઠી પરંતુ એ ધ્રુજારાને દબાવીને પોતાનું પાપકૃત્ય પ્રકાશ ન થાય તેટલા માટે આશકના શબને એક કપડામાં તેણે પેક કર્યું આખા ઓરડામાં તેણે માથાની તપાસ કરી પરંતુ કયાંય માથું જોવામાં આવ્યું નહી એકલા ધડને તેણે મજબુત રીતે બાંધ્યું.

પછી બારીના કઠેરામાં રસીનો એક છેડો બાંધ્યો ને એકદમ તે નીચે ઉતરી પડી અંધારી રાત્રીમાં તે ગામ બહાર નિકળતાં ગામની પાસે જ દરીયો હતો; શબને દરી-

આમાં ફેંકી દઈને રાક્ષસી રમા પોતાના સુવાના ઓરડામાં આવીને સુઇ રહી પરંતુ તેને નિદ્રા આવી નહી પોતાના ઓરડામાં આવીને કોણ ખુન કરી ગયું હશે તે વિશે તેણે પુષ્કળ વિચાર કરી જોયા પરંતુ કોઈપણ તેની દૃષ્ટિમાં એવું આવ્યું નહિ કે જે પોતાના આશકનું ખુન કરવા જેટલું વૈર રાખતું હોય ! ”

પ્રભાત પ્રકટયું. રાત્રિનો અંધકાર લયપામી ગયો. ચંચળા ને લાલદાસે વીરપુર ગામમાં પ્રવેશ કર્યો. લાલદાસ પોતાના સસરાને ત્યાં આવ્યો જમાઇરાજને સારૂ માન મળ્યું.

જમાઇરાજ ! ખુશીમાંતો છોને ? શરીર સારૂં છે ?

“ હા. ”

ત્યાર પછી થોડી આડી અવળી વાતો કર્યા પછી દાતણ પાણી કરવામાં આવ્યાં. જમીને લાલદાસે પોતાના શ્વસુરને કહ્યું

આવતી કાલે મારે જવું છે. ને આપની પુત્રીને હું સાથેજ તેડી જવાનો છું. ”

વધારે દિવસ રહેવા માટે જમાઇરાજને આગ્રહ કરવામાં આવ્યો પરંતુ લાલદાસે તે આગ્રહને માન આપ્યું નહિ

બીજે દિવસે જમાઇરાજને વિદાય મળી લાલદાસ ચંચળા અને રમાની ત્રિપુટી વીરપુરનો ત્યાગ કરી ગઈ. રમાના પિતાએ ગાડાનું વાહન કરી આપ્યું હતું.

બળદ તેજ હતા, જોત જોતામાં ચાર ગાઉનો પંથ કપાઈ ગયો. માર્ગમાં લાલદાસ અને રમા વચ્ચે નીચે પ્રમાણે વાર્તાલાપ થયો હતો.

" નાથ ! બોલો કેટલું કમાયા ? "

" પુષ્કળ. "

" એમ ? "

" હા. "

" વ્હાલા ! ત્હમે ગયા પછી એક દીવસ એક યુગ જેવડો મ્હોટો મને લાગવા લાગ્યો.

ત્હમારા વિરહની અગ્નિની જવાળામાં મારૂં સમસ્ત શરીર સળગવા લાગ્યું એટલે થોડા દિવસ પીયેરમાં જઇ આવવાનો વિચાર મેં આપના માતા પિતાને જણાવ્યો મને રજા મળી ને હું મ્હારે પિયેર આવી,

" પિયેરમાં પણ તમારા વિરહનું દુઃખ સ્હેજ પણ ઓછું થયું નહી ને જો તમે થોડા દિવસ મોડા આવ્યા હોત તો મારૂં શરીર સુકાઇને કોણ જાણે કેવું બની જાત કે આપ મને ઓળખી શકત પણ નહી. "

" નાથ ! ખરેખર આપની મુર્તિનાં જ્યારે મેં દર્શન કર્યાં ત્યારે મારા હૃદયમાંની વિરહ વેદના એકદમ પલાયન થઇ ગઇ અને તેની જગ્યાએ આનંદનો અબધિ ઉછાળા મારી રહી.

"ખરેજ પતિ વિરહનું દુઃખ પત્નિને માટે અતિશય ભયંકર છે. એવી કઈ પાષાણુ હ્રદયી હોય કે જે પતિનાં વિયોગની વેદનાના અનુભવથી દુઃખાશ્રુ ન વહાવે? આપ જે દીવસથી જુદા પડયા છો તે દીવસથી હું રોતી જ રહી છું હર પળે આપનું સ્મરણ મને થઇ આવતું અને મારી આંખો આસુથી છલકાઇ જતી હતી."

આજે સોનાનો સુરજ ઉગ્યો મારી સઘળી આંતર વેદના શમી ગઈ."

રમા બોલતી જતી હતી. ચંચળા તે સાંભળીને ગુપ્ત રીતે હસતી હતી, લાલદાસ રમાના શબ્દો સાંભળતો જતો હતો અને તેના શરીરમાં ક્રોધના જવાળ આવી જતા હતા પરંતુ ઘેર પહોંચ્યા પહેલાં કાંઇ પણ નહિ બોલવાનો ચંચળાએ તેને સખ્ત હુકમ કર્યો હતો. ને તેથી ક્રોધ કિંવા ગુસ્સાનો ભાવ દાબી દઇને લાલદાસ બોલ્યો.

"રમા! ખરેખર! તારો પ્રેમ અનહદ છે. તું એક પ્રેમાળ પત્નિી છે."

"અમ સ્ત્રીઓને તો પતિનોજ આધાર, પતિ એજ પ્રભુ, પતિના હાથે જ ઉદ્ધાર પછી અમે તનમનથી પતિનીજ થવાનો પ્રયત્ન કરીએને?"

"વાહ! તારી જેવી પતી ઘેલી પત્ની મળવાથી હું મને ભાગ્યશાળી માનું છું"

" આ સ્ત્રી કોણ છે ? "

" તે તારી બેન છે. "

" એટલે ? "

" ન સમજી ? "

" ના........"

" મારી સપત્ની "

રમાની આંખોનો ઝેરી પ્રકાશ ચંચળાના વદન ઉપર પડયો ચંચળા બોલી ઉઠી.

" બેન ! હું તમારી શોક બની છું મારા ઉપર તમે ક્રોધ દ્રષ્ટિ કરશો નહિ હું તો તમારી દાસી તરીકે રહેવા માટે આવી છું. "

રમા કાંઈ બોલી નહિ તેની ઝેરી આંખો ચંચળાને તિરસ્કારી રહી હતી.

ને મણીપુરના પાદર સૌ આવી પહોંચ્યાં.

પ્રકરણ તેરમું.

પ્રેમની પિસ્તોલ

" પાપ જીવનમાં કર્યું કિંચિદ્ હળવાનું નથી !

" શિક્ષા થવી ગુન્હાતણી એ દુર જોવાનું નથી !

" છલાછલ થાય છે જ્યારે ભરાતા પાપનું પાણી !
ફુટે છે તે સમય પાતક ઘડો એ સત્ય એંધાણી !
" પાપને પંથે જતાં અંતે ખરાબી થાય છે !
" પાપ હોયે ઘોર તો મૃત્યુ અચાનક થાય છે !
જાતિ અને નિજ ધર્મને છોડી પતીત જે થાય છે !
" તે આ જગે નર્કના સંકટમાં રીબાય છે !
" પાપનો રસ્તો વિકટ છે ને ભયાનક છે અતિ !
" ના તે તરફ વળવાતણી ઈશ કોઇને દે દુર્મતિ !

" મંગળ "

ચંચળાએ લાલદાસને એકાંતમાં મળીને જણાવ્યું.

" મને મળ્યા પહેલાં ને મારી સલાહ લીધા પહેલાં રમાના શયનગૃહમાં જવાનું સાહસ કરતા નહિ. "

મણિપુરને પાદર લાલદાસ આવ્યો કે તુરતજ ગામમાં વાત જાહેર થઇ ગઇ લાલદાસનાં વૃદ્ધ માતા પિતા એકદમ પાદરમાં દોડી આવ્યાં લાલદાસના સ્નેહીઓ પણ ત્વરાથી આવી પહોંચ્યા ? અને પછી લાલદાસ રમા અને ચંચળાએ મણિપુરમાં પ્રવેશ કર્યો.

ઘેર આવ્યા પછી લાલદાસે સઘળા મિત્રોને બોલાવીને જે જે ચીજ મંગાવેલી હતી તે પોતે લાવેલો હતો તે જેને તેને આપી દીધી પછી મિત્રોની રજા લઈને તે માતા પિતા પાસે આવ્યો.

પિતાએ પુછ્યું.

" ઘણે દીવસે આવ્યો આપણે કમાણી માટે પરગામ ફરવાની શું જરૂર છે ? પરમાત્માએ આપણને પુષ્કળ પૈસો આપ્યો છે વારૂ પણ તું શું શું કરી આવ્યો તે કહે જોઇએ."

છ સાત લાખ રૂપીઆનો નફો મળ્યો છે એમ લાલદાસે જણાવ્યું વૃદ્ધ માતા પિતા પુત્રની વ્યાપાર કુશળતા અને સારા ભાગ્યને જોઈને અત્યંત આનંદિત થયા.

ચંચળા તરફ જોઈને વૃદ્ધ માતાએ લાલદાસને પુછ્યું

" આ કોણ છે ? "

" આપની પુત્રવધુ "

લાલદાસે માતાપીતાને છેતરતાં આ પ્રમાણે કહ્યું ભોળાં હૃદયનાં વૃદ્ધ વડીલોએ તે વાત સાચી માની અને પુત્રને અને નવી પુત્રવધુને શુભાશિર્વાદ આપ્યા.

આખો દીવસ જોતજોતામાં પસાર થઈ ગયો સંધ્યાના અમલ દરમ્યાન ચંચળાએ લાલદાસને કહ્યું.

" વહાલા ! એક કામ કરી નાખો- "

" તે શું ? "

" જે રૂમમાં આપ સુતા હો તે રૂમમાં એક પણ ચીજ એવી ન હોવી જોઇએ કે જેનો પ્રહાર અત્યંત ભયાનક નીવડે ? "

" એટલે '

" તમારા શયનગૃહમાંથી એવી ચીજો બહાર કાઢી નાખો કે જેના પ્રહારવડે ભયંકર આઘાત થાય !'

" તેનું કારણ ? "

" તે હું પછી કહીશ હાલ તુરત મેં કહ્યું એ પ્રમાણે કરો. "

" સારૂં. "

એમ કહીને પોતાના શયનગૃહમાં આવ્યો. પલંગ સીવાય એક પણ ચીજ તેણે શયનગૃહમાં રહેવા દીધી નહિ આ પ્રમાણે કર્યા પછી તે ચંચળાને મળ્યો.

" કેમ શું કર્યું ? "

ચંચળા તારા કહેવા પ્રમાણે શયનગૃહમાં એક પણ ચીજ મેં રહેવા દીધી નથી.

" એક પણ ચીજ રહી નથી ગઇ કે "

" ના, વારૂ....પણ [ચંચળા ! આમ કરવાનું કારણ નહિ કહે ? "

" તે પછી કહીશ. "

" અત્યારે નહિ ? "

" ના. '

" પણ મારો વિચાર રમાને મળવાનોજ નથી, "

" કેમ ?'

"તે પાપિણી પ્રેમદાનું મ્હોં જોવા પણ માગતો નથી. આતો તારા કહેવાથી તેને અહીં સુધી લાવ્યો છું."

"આજની રાત્રે તો તમારે તેની પાસે જવુંજ પડશે."

"શા માટે ?"

"સ્ત્રી ચરિત્ર આપવા માટે !"

"સા........રૂ."

"હા ! દ્વાર બંધ કરશો નહી, હું દ્વાર પાસેજ બહાર ઉભી રહીશ જરૂર પડશે તો અંદર આવીશ નહીતર બહાર રહીને તમારી વાતચીત હું સાંભળીશ. આ પેટી લઇને તમારે જવું. રમા પોતાની મંગાવેલી ચીજની માગણી કરે કે આ પેટી તેના હાથમાં મુકી દેવી તમારે ખોલવી નહીં ને તેને ખોલવા કહેવું, કે અંદરથી 'સ્ત્રી ચરિત્ર' નીકળશે. એમ તમે કહેજો."

"વા........રૂ."

રાત્રિ પડી રમા શયનગૃહમાં આવી અને લાલદાસના આવવાની રાહ જોવા લાગી.

થોડી વારે લાલદાસ આવ્યો. રમાએ નયનો નચાવીને હાવભાવથી મીઠા સ્વરે કહ્યું.

"પધાર્યા, નાથ !"

"હા." ફિક્કા સ્વરે લાલદાસે કહ્યું.

લાલદાસના હાથમાં પેટી હતી પલંગ ઉપર આપીને તે લઈ રમા પણ પતિની સામે બેઠી અને બોલી.

" જે મેં મંગાવ્યું હતું તે લાવ્યા છો કે, વહાલા ! "

" હા. "

" સાચું કહો છો. "

" હા. "

" શું, ' સ્ત્રી ચરિત્ર ' તમે લાવ્યા છો ? "

" હા. "

" લાવો ત્યારે. "

લાલદાસે પેલી પેટી રમાને આપી અને કહ્યું.

" આ પેટીની અંદર ' સ્ત્રી ચરિત્ર ' છે તે પેટીને ખોલીને તું લઈ લે. "

રમાએ પેટીને હાથમાં લીધી. ચંચળાનાં બે નયનો તે જોઇ રહ્યાં હતાં.

પેટી લઇને તે રાક્ષસી રમા દીપક પાસે આવી પિત્તળની દીવીમાં દીપક પ્રજવળી રહ્યો હતો. રમાએ આતુરતા પુર્વક પેટ્રી ઉઘાડી. પોતાના આશકનું માથું.

નખથી શિખા પર્યંત તેના અંગે અંગમાં ક્રોપાગ્નિ ભભુકી રહ્યો........ક્રોધાગ્નિનું જોર પુષ્કળ વધ્યું. રમાએ દીવી હાથમાં લીધી...ઉગામી...એક, બે, ત્રણ મિનિટ ? લાલદાસના કપાળમાં દીવીનો ઘા પડયો, એજ પળે ચંચળાના

હાથમાંની તલવાર રાક્ષસી રમાની ગરદનની આરપાર ચાલી ગઈ !

ચંચળાએ લાલદાસની છાતીના ધબકારા અને નાડી તપાસી લાલદાસના શ્વાસોશ્વાસ વિસમી ગયા હતા. લાલદાસના શબ ઉપર ચંચળાનું શબ છુટી પડયું.

તલવારના એકજ ઝટકે તેણે આત્મહત્યા કરી નાખી હતી એ રીતે ત્રિપુટી મરણુશરણુ થઈ, ને આપણે પણુ હવે નિમ્નલિખિત કવિતા ઉમેરીને આ નાનકડી નવલકથાની અહીં સમાપ્તી કરી દઈશું.

" પતિના પ્રેમને ત્યાગી અવરથી પ્રેમ બાંધે છે,
" તજી નિજનાથને બીજા પુરૂષથી સ્નેહ બાંધે છે."

બાયડી કે શાયડી

(દોહરો)

શ્રી કૃષ્ણને આરાધીએ, પુંજું બેઉ કર જોડ;
સરસ્વતીમા કરૂણા કરો; વાણી આપો શુદ્ધ. ૧

પ્રથમ શ્રીકૃષ્ણને પ્રણમુ, જેની મુજપર સહાય;
કરૂણા કરી હું કરગરૂં, આ ગ્રંથ ચાલતો થાય. ૨

સુખપુર ગામમાં સરદારસીંગ કરીને રાજા રાજ્ય કરતો હતો તેના રાજ્યમાં અઢારે વર્ણ સુખી હતી અને તે રાજા પોતાની પ્રજા ઉપર ઘણું હેત રાખતો હતો પણ તે રાજા ઉદાસ રહેતો હતો કારણ કે તેને સંતાન ન હતું.

તેની નગરીમાં એક બ્રાહ્મણ રહેતો હતો તે પૈસે ટકે સુખી ન હતો કારણ કે તેને ચાર પાંચ સંતાન હતાં અને તે પોતે કોઇપણ જાતનો ધંધો કરતો નહોતો.

એક દીવસ તેની સ્રીએ કહ્યું તમો પરદેશ કમાવા જાવ ત્યારે બ્રાહ્મણે કહ્યું કે તુ મને ઢેબરા કરી આપ આથી તેની સ્રીએ પાડોશણના ઘેરથી પાંચ શેર જાર ઉછીની લાવીને ઢેબરાં કરી આપ્યાં તે ઢેબરાં લઇ બ્રાહ્મણ ખાતો ખાતો ઘેરથી નીકળ્યો ને એક તલાવની પાર આવી ત્યાં

સુધી આવતાં આવતાં ખાઇ રહ્યો. ઢબરાં થઈ રહયાં ને તેણે તળાવમાં પોતાની ઝોળી ધોઇ નાખી, તેમાં એક સાપોલીયું આવ્યું. તે વખતે તેણે વીચાર કર્યો કે ઘેર રાંડ બહુ પજવે છે માટે લાવ આ સાપોલીઆને ઝોળીમાં ઘાલીને ઘેર લઇ જાઉં. આવો વીચાર કરી ઝોળી ખભે ભેળવી પોતાને ઘેર આવ્યો, તે વખતે તેની સ્રી પાણી ભરવા ગઈ હતી આથી તેણે જાણ્યું ન હતું કે મારો ધણી ઘેર પાછો આવ્યો છે, તેણે તે ઝોળી ખીલાએ ભેળવી પોતાના ભાઇબંધને ત્યાં બેસવા ગયો.

હવે તેની સ્રી પાણી ભરીને ઘેર પાછી આવી તે વખતે છોકરાએ કહ્યું કે મારા બાપા પાછા આવ્યા છે, આથી તે સ્રીને ઘણો ગુસ્સો ચડયો પણ કરે શું, એટલામાં ખીલીએ ભરાવેલી ઝોળી જોઈ આથી તેને ઘણો ગુસ્સો ચડયો અને તે ભોંય ઉપર પછાડી બોલી અકર્મી આ ઝોળીનું અહીં શું કામ છે પણ ઝોળી નીચે પડતાંની સાથે તેમાંથી મણી બહાર નીકળ્યો. હવે તે મણી હાથમાં લઈ બોલી કે મારો ભરથાર કમાઇને મણી લાવ્યો છે, ભાઇઓ, માટે જાણવું કે દુનીઆ સ્વાર્થી છે, અને પોતાની સ્રી પણ પૈસાની સગી છે.

પછી તે સ્રી કંસારાને ત્યાં જઈ ઉધારે વાસણ લાવી અને મોદીને ત્યાંથી ઘી, ગોળ, તથા દાણા પણ ઉધારે લાવી

અને કાપડીઆને ત્યાંથી પીતામ્બર લાવી અને પછી પોતાન ભરથાર માટે રસોઇ બનાવી દીધી. ત્યારપછી તેણે પોતાના ભરથારને બોલાવવા માટે છોકરાને મોકલ્યો તે છોકરો તેના બાપના ભાઈબંધના ઘરમાં જઈ કહ્યું કે બાપા ઘેર હેંડો ત્યારે પેલા બ્રાહ્મણે જાણ્યું કે રાંડને પેલુ સાપોલીયું કરડયું હશે માટે બોલાવવા આવ્યો હશે બ્રાહ્મણે કહ્યું જા બેટા હું હમણાં આવું છું એટલે તે છોકરો ઘેર પાછો ગયો પછી એ બ્રાહ્મણીએ અરધા કલાક સુધી વાટ જોઇ પણ કોઈ આવ્યું નહી તેથી પોતે બોલાવવા ચાલી હવે બ્રાહ્મણે પોતાની સ્ત્રી આવતી જોઈ ગભરાઈ ગયો અને વીચાર કરવા લાગ્યો કે જો ઘેર જઈશ તો નક્કી મારી નાખશે તો પણ બીક રાખ્યા વીના પોતે ઘેર ગયો ઘેર જતાની સાથે પોતાની સ્ત્રીએ તાંબાકુંડીમાં નાવા માટે ગરમ પાણી કાઢી આપ્યું. આથી બ્રાહ્મણ ઘણો ગભરાયો, પછી તે નાહી રહ્યો એટલે સ્રીએ પોતાના ધણીને પહેરવા માટે પીતામ્બર આપ્યું આથી તે ઘણો ગભરાયો પછી સ્ત્રીએ પોતાના ધણીને બેસવા માટે પાટલો આપ્યો અને છેવટે કંસાર પીરસ્યો તે વખતે તે બ્રાહ્મણ ઘણો ગભરાયો અને વીચાર કરવા લાગ્યો, કે જરૂર આપણું મોત આવ્યું પણ ખાતી વખતે તેની સ્ત્રી બોલી કે સાંભળો તમો જે પેલો મણી લાવ્યા છો તે મણી આપણા રાજાની રાણીને હારમાં ખુટે છે માટે જોઇએ છે

જુઓ તમો કહેતા હો તો હું કુવે પાણી ભરવા જઇશ તે વખતે રાણીની દાસીઓને કહીશ કે તમારા રાણી સાહેબ ને મણી જોઇતો હોય તો મારે ઘેર છે પછી તમોને રાજા મણીની કીંમત પુછે ત્યારે તમો કહેશો કે અમારા ગરીબ માણુસને મણી શા કામનો છે, આપના જેવા રાજા લોકોને શોભે માટે આપ તે લઈ લો.

આ પ્રમાણે પોતાના ધણીને કહી કુવે પાણી ભરવા ગઇ અને ત્યાં દાસીઓને કહ્યું કે રાણીને મણી જોઇતો હોય તો મારે ઘેર છે.

આમ કહી તે પાણી ભરી ઘેર આવી ત્યાં દાસીઓએ આ વાત રાણીને કહી, આ વાત રાણીએ રાજાને કહી કે બ્રાહ્મણને ત્યાં મણી છે. બ્રાહ્મણને તેડવા માટે રાજાએ સીપાઇ મોકલ્યો કે બ્રાહ્મણને કહે જે કે રાજા તને બોલાવે છે. સીપાઈ બ્રાહ્મણને બોલાવી દરબારમાં આવ્યો. રાજાએ બ્રાહ્મણને કહ્યું કે તમારે ત્યાં જે મણી છે તેની કીંમત કહો ત્યારે બ્રાહ્મણે કહ્યું કે અમારા જેવા ગરીબ માણુસને તે મણી શોભે નહી તેં મણી રાજ-દરબારમાં શોભે માટે તમો લઈ લ્યો મારે કીમત જોઇતી નથી આ જ્યારે કહ્યું ત્યારે રાજા એકદમ આનંદમાં આવી ગયો. અને ખજાનચીને હુકમ કર્યો કે સોના મહોરનો ખજાનો ઉઘાડી આ બ્રાહ્મણથી તથા તેની સ્રી તથા તેના

છોકરાંથી સાત ફેરામાં જેટલુ લઈ જવાય તેટલુ લઈ જવા દે, એટલે ખજાનચીએ સોના મહોરનો ભંડાર ઉઘાડી દીધો અને તે બ્રાહ્મણ, તેનાં સંતાન અને તેની સ્ત્રીથી જેટલુ ઉંચકાય એટલુ સાત ફેરા લઈ ગયાં અને તેમણીના પ્રતાપથી તે દ્રવ્યવાન થઈ ગયા.

આ વાત અહીંથી રહી અને મણીનું શું થયું તે આપણે વિચારીએ.

રાજાએ મણિ હારમાં જડાવ્યો અને રાણીને સ્નાન કરવાને માટે અંધારી ઓરડી બંધાવી, રાણી તે હારને કોરે મુકીને સ્નાન કરે છે એમ કરતાં કરતાં છ મહીના વીતી ગયા.

એક દિવસ રાણી સ્નાન કરી હાર લીધા વગર પોતાના મહેલમાં ચાલી ગઇ પછી જ્યારે તે બપોરે સુઇ ઉઠી ત્યારે પોતાના ગળામાં હાર ન દીઠો એટલે એકદમ ગભરાઈને દાસીને કહ્યું કે તું એકદમ નીચે જા અને મારા હારની તપાસ કર પણ ઓરડીમાં હાર ન દીઠો એટલે દાસીએ રાણીને કહ્યું કે હાર નથી રાણી એકદમ ક્રોધથી બોલી કે દીવો લઈ જંઇ તપાસ કર ! પછી દાસી દીવો લઇ નીચે ગઈ અને ઓરડીમાં જઇ તપાસ કરી તો મણીને બદલે છોકરો રમતો દીઠો અને તેની પાસે જઇ પુત્રને લઇ રાણી પાસે ગઇ અને પેલો છોકરો રાણીની પાસે મુકયો. રાણી પુત્રને જોઇ ઘણું આનંદ પામી કારણ કે રાજાને કાંઇ સંતાન

નહોતુ આ વાત રાણીએ રાજાને કહી તેથી રાજા ઘણો પ્રસન્ન થયો અને આખા શહેરમાં આનંદ થઈ રહ્યો હવે પેલો છોકરો દિવસે ન વધે તેટલો રાતે વધે એમ કરતાં તે પાંચ વરસનો થયો એટલે રાજાએ ઘણી ધામધુમથી નિશાળે બેસાડયો.

હવે આ વાત આટલેથી બંધ રહી ને હવે ઝવેરીની વાત શરૂ કરીએ સુખપુરમાં એક કપુરચંદ કરીને શેઠ હતો તેને ઝવેરી નામની દીકરી હતી તે દીકરી વગર શેઠને એક સંતાન નહોતું.

તેથી તે દીકરી ઉપર ઘણું હેત રાખતો હતો ઝવેરી જ્યારે તેર વરસની થઈ ત્યારે તેના બાપે તેનો વિવાહ કર્યો હતો પણ ઝવેરીને તો લાલ જ ગમતો હતો તેથી તેણે લાલ ઉપર પત્ર લખ્યો તેમાં તેણે નીચે પ્રમાણે પત્ર લખ્યો

પત્ર

લી. તમારી વહાલી ઝવેરીના પ્રણામ

મારા વહાલા લાલ

લી. આપની દાસી ઝવેરી.

લખવાનું કે અમે આજરોજ રાતના બાર વાગે મહાદેવની પુંજાએ જવાની છું અને તમો આગમચથી જજો હું આપના માટે જે સામાન અને ઘોડા જોઇશે તે લેતી આવીશ આ પત્રનો જવાબ પાછો આપશો અને જરૂર આવશો.

લી. આપની વહાલી.

લી. આપનો લાલ.

લખવાનું કે હું મારા બાપનો એકનો એક છોકરો છું માટે હું આવવાનો નથી કારણુ કે તારો વીવાહ મારા કાકાની સાથે થએલો છે તે જાણે તો મન મારી નાંખે માટે હું આવનાર નથી એજ,

લી. લાલ.

લી. આપની દાસી ઝવેરી

લખવાનું કે તમારા કાકા સાથે મારો વીવાહ થયો છે તે માટે જરાપણુ બીવું નહી માટે બાર વાગે તમો જરૂર આવશો.

લી૦ આપની દાસી ઝવેરી

લી. તારો વિશ્વાસી લાલ

લખવાનું કે આજે રાત્રે બાર વાગે જરૂરથી શીવના દહેરામાં આવીશ માટે તું ત્યાં તે વખતે આવજે.

લી૦ લાલના પ્રણામ

આ પ્રમાણે કાગળ લખી લાલે રવાના કર્યો. હવે લાલ રાતના અગીઆર વાગે મહાદેવના દહેરામાં આવ્યો અને ઝવેરી પણ રાતના અગીઆર વાગે મહાદેવના દહેરામાં આવી તે પોતાના સાથે કેટલુંક ઝવેરાત તથા બે ઘોડા પોતાની સાથે લાવી હતી ત્યાંથી એક ઘોડા ઉપર લાલ અને બીજા ઘોડા ઉપર ઝવેરી બેસી ત્યાંથી રવાના થયાં અને સવારમાં

રાજા અને કપુરચંદને ખબર થઈ કે મારો પુત્ર લાલ અને શેઠની છોડી ઝવેરી બંને નાસી ગયાં છે તેથી આખા નગરમાં શોક છવાઈ ગયો. હવે ત્યાં લાલના કાકાને ખબર થઈ કે ઝવેરીને લઇને લાલ નાસી ગયા છે તેથી તે પણ તેની તપાસ માટે નીકળી પડયો. હવે લાલ અને ઝવેરી ચાલતાં ચાલતાં જ્યાં પેલા બ્રાહ્મણે ઝોળી ઘોઇ હતી તે તલાવડી ઉપર આવ્યાં. વિશ્રામ લેવાને માટે બેઠાં એટલામાં ત્યાં લાલનો કાકો આવી પહોંચ્યો આથી લાલ ઘણો ગભરાયો અને ઝવેરીને કહ્યું કે જો પેલો મારો કાકો આવે માટે તને ને મને મારી નાખશે. પછી ઝવેરીએ કહ્યુ કે ભલે આવવા દો બીશો નહિ એટલામાં લાલનો કાકો ત્યાં આવી પહોંચ્યો અને તે બેઠા હતાં ત્યાં તે પણ બેઠો હવે ઝવેરીને તરસ લાગી હતી તેથી લાલના કાકાને કહ્યું કે જા પાણી લઈ આવ ત્યારે તેણે કહ્યું કે તારા લાલને મોકલ તેથી ઝવેરીએ લાલને મોકલ્યો અને કહ્યું કે જો લાલનો વાંકો વાળ થશે તો હું તને મારી નાખીશ પછી તે બંને જણ પાણી લેવા તલાવડીમાં ગયાં ત્યારે તેના કાકાએ કહ્યું કે જા લાલ ઝારી ભરી લાવ તેથી લાલ તલાવડીમાં પાણી ભરવા ઉતર્યો તેવોજ તેના કાકાએ ધકકો માર્યો કે જેથી કરીને સાપ થઈ ગયો અને પોતાને ઘેર ચાલ્યો ગયો.

આ વાત અહીંથી બંધ રહી, અને લાલના કાકાને શું થયું તે આપણે જોઇએ.

લાલને ધક્કો મારી તે ઝવેરી આગળ આવ્યો. ઝવેરીએ પુછ્યું કે મારો લાલ ક્યાં ગયો ? ત્યારે તે બોલ્યો કે મને કશી ખબર નથી. આથી ઝવેરીને એકદમ ક્રોધ વ્યાપી ગયો, અને તરવારથી ત્રણ ઘા કરી ત્યાં આગળ દાટી દીધા.

પછી તે તલાવડીની પાળ પર જઈ તપશ્ચર્યા કરવા બેઠી ઝવેરીને જ્યારે આઠ દીવસ તપશ્ચર્યા કરતાં થયા ત્યારે આકાશવાણી થઇ કે "તારા જમણા હાથની ટચલી આંગળી પાણીની અંદર બોળ, તેને વળગી તારો લાલ બહાર આવશે" ઝવેરીએ આ પ્રમાણે કર્યું જેથી કરીને તેનો લાલ બહાર નીકળ્યો.

પછી તેઓએ હેંડવા માંડ્યું તે સંધ્યાકાળે એક મોટા નગરમાં આવી પહોંચ્યા તેમણે ધર્મશાળામાં આશ્રમ લીધો. પછી ઝવેરીએ કહ્યું કે તમે અહીં બેસો, અને હું ઘોડા માટે ચંદી, તથા આપણા માટે ખાવાનું લેતી આવું ત્યારે લાલે કહ્યું કે તું જાતે બૈરી છે. માટે તું જઈશ નહિ અને હું જઇ લેઈ આવું છું એમ કહી તે નગરમાં ગયો.

નગરમાં પેસતાં જ એક મોચણનું ઘર હતું ત્યાં આગળ તે મોચણની છોડી જોડા સીવતી હતી લાલે તે મોચણની છોડીને પુછ્યું કે, નગરમાં પેસવાનો કયો રસ્તો ત્યારે તે મોચણની છોડીએ કહ્યું કે, હું તમને નગરમાં પેસવાનો રસ્તો બતાવું છું અને તમે અહીં બેસો, તે અંદર

ગઈ અને એક કાળો દોરો લાવી લાલને પગે બાંધી દીધો કે જેથી ફરીને લાલ બકરી થઇ ગયો.

આ વાત અહીંથી બંધ રહી અને ઝવેરીનું શું થયું તે આપણે જોઇએ.

ઝવેરીએ રાતે દશ વાગતાં સુધી રાહ જોઇ પણ લાલ આવ્યો નહિ. તેથી તેણે મરદનો પોષાક પહેરી શહેરમાં ગઇ

તે એક ઘેર આગળ જઈ કહેવા લાગી કે મને આજની રાતની રાતનો વિશ્રામ આપો.

ઝવેરી જે ઘેર ગઇ છે તેને ઘેર કેમની વ્યવસ્થા છે તે આપણે જોઇએ.

આ ઘરમાં રડારોડ ચાલતું હતું કારણ કે તેનો છોકરો આજે મરવાનો છે.

એ છોકરો શાથી મરવાનો છે તેનું આપણે વર્ણન કરીએ.

તે ગામના રાજાને એકની એક દીકરી હતી તેના પેટમાં નાનપણથી નાગનો કણો પેસી ગયો હતો તેથી તેના પેટમાં નાગના ઝેરથી લાહ્ય બળતી હતી રાજાએ એવો હુકમ ફેરવાએલો હતો કે મારી કુંવરીને જે પુરૂષ મટાડે તો તેને અડધું રાજપાટ તથા મારી કુંવરીને પરણાવું અને જો સ્ત્રી મટાડે તો હું તેને પરણું અને રાજ્યની પટરાણી બનાવું અને બીજો એવો હુકમ ફેરવ્યો હતો કે વારા

પ્રમાણે દરેક ઘરમાંથી એક મનુષ્ય મારી કુંવરીની પાસે સુઈ રહે.

આ હુકમના પરીણામે આ સ્રીના ચાર દીકરાઓ મરણ પામ્યા હતા.

છેલ્લો છોકરો આજે રાત્રે જવાનો છે તેથી તે બાઇ રડતી હતી. ઝવેરીએ તે સ્રીને રડતી બંધ રાખી અને કહ્યું કે તારા છોકરાને બદલે હું જઇશ, અને તું રડતી બંધ થા આથી તે સ્રીને હીંમત આવી અને રડતી બંધ રહી ગઈ. આથી સમજવાનું કે (આ દુનીયા સ્વાર્થની સગી છે.)

ઝવેરીએ પૈસા આપ્યા અને કહ્યું કે કદોઇને ત્યાંથી દુધ લાવ અને તેનાં કુંડા ભરી તે કુંવરીના પલંગ પાસે મેલીને પાછા આવ તે પ્રમાણે તે બાઇએ કર્યું પછી ઝવેરીએ તે પલંગને ગુલાબજળ તથા અત્તર છાંટીને સુગંધી વાળો બનાવ્યો પછી તે ત્યાં આગળ બેઠી,

કુંવરી રાતના બાર વાગે આવી તેવી જ તેને એકદમ ઉંઘ આવી અને પેટમાંનો સાપ બહાર નીકળ્યો. સાપ પલંગમાં ખુબ રમ્યો. અને પછી નીચે ઉતરી દુધ પી ગયો. આથી તે એકદમ સુસ્ત બની ગયો પછી તે પલંગ ઉપર ચઢવાનું મન કરે છે, તેવું જ ઝવેરીએ કકડા કરી નાખ્યા અને ડબામાં ભરી દીધા પછી તે બાઈને ત્યાં ગઇ. આ વાત અહીંથી બંધ રહી અને રાજકુંવરની શી બીના બની તેનું વર્ણન કરીએ.

આજ રાજકુંવરી ખુબ નીદ્રામાં પડી, કારણ કે આજે તેને આખા જન્મારાની નીંદ્રા હતી. તે બપોરે બાર વાગે ઉઠી નહી, ત્યારે રાણીએ દાસીને મોકલી કે કુંવરીનું શું થયું તે જોઇને પાછી આવ, ત્યારે દાસી નીચે આવી જુએ છે, તો રાજકુંવરીને નીંદ્રામાં પડેલી દીઠી, એટલે એતો પાછી આવી, અને રાણીને ખબર કહી કે " રાજકુંવરી નીદ્રામાં છે " રાણીએ આ વાત રાજાને કહી. રાજાએ તે છોકરાને બોલાવ્યો.

આ વાત અહીંથી બંધ રહી અને ઝવેરીની શી બીના બની તેનું વર્ણન કરીએ.

ઝવેરીએ તે સાપના કકડાની ગાંસડી બાંધી તે બાઇને ઘેર લઈ ગઇ, અને તે કકડા તે બાઇને આલ્યા, અને કહ્યું કે આ કકડા લઇને મ્હારા છોકરાને રાજ દરબારમાં મોકલજે આથી ડોસી આનંદમાં આવી ગઇ. (દુનીઆ સ્વાર્થની સગી છે તેનો બીજો દાખલો) એટલામાં રાજદરબારનું તેડું આવ્યુ કે " તારા છોકરાને રાજદરબારમાં બોલાવે છે " છોકરાને લઇ સીપાઈ રાજદરબારમાં ગયો. છોકરાએ રાજાને દેખતાં સાપની ગાંસડી મેલી ઉભો રહ્યો રાજાએ પુછયું આ સાપને તેં માર્યો ? ત્યારે છોકરાએ કહ્યું કે મારે ત્યાં એક પરદેશી આવ્યો છે તેણે આ સાપને માર્યો છે. રાજાએ કહ્યું કે તુ તેને મોકલ.

છોકરાએ ઘેર જઇ ઝવેરીને મોકલી. ઝવેરી રાજ દરબારમાં ગઇ અને સલામ કરી ઉભી રહી. રાજાએ પુછ્યુ કે આ સાપને તમે માર્યો છે ? ત્યારે ઝવેરીએ કહ્યું હા. ત્યારે તમે મારી છોડીની સાથે લગ્ન કરો. રાજા એમ નથી જાણુતો કે આ પુરૂષના વેષે સ્ત્રી ઉભી છે. ઝવેરીએ કહ્યું કે મારે નીયમ એવો છે કે " સોળ વરસ વગર હું કોઇની સાથે લગ્ન કરવાનો નથી. " અને મને છ મહીના પછી સોળમુ વરસ બેસશે માટે હું છ મહીના પછી લગ્ન કરીશ.

રાજાએ કહ્યું કે તમારી ઇચ્છા પ્રમાણે વર્તશો એમ કહી ઝવેરીને લાલ બાગના મહેલમાં ઉતારો આપ્યો.

પણ તે ઉદાસી રહે છે કારણ કે છ મહીનામાં લાલ નહી જડે તો રાજા મને નકકી પરણુશે.

આ વાત અહીંથી બંધ કરીએ ને લાલની શી બાના બની તેનું વર્ણન કરીએ.

તે મોચણુની દીકરી, લાલને રાત્રે પુરૂષ કરે, અને દીવસે બકરી કરે છે, આથી લાલ બહુ સુકાઈ ગયો.

ઝવેરીને આમ કરતાં કરતાં પાંચ મહીના થયા પછી એક યુકિત શોધી કાઢી તે યુકિત નીચે પ્રમાણે છે.

તે યુકિત ઝવેરીએ રાજાને કહી કે તમે આજરાત્રે એવો ઢંઢેરો પીટાવો કે " દરેક મનુષ્ય પોતાનાં પાળેલાં

જનાવર સાથે કાલે સવારે રાણી બાગમાં ઉજાણી કરવાને જાય " આથી રાજાએ ઝવેરીનું કહ્યું માની શહેરમાં ઢંઢેરો પીટાવ્યો.

આપણે જે નગરની વાત કરીએ છે તે નગર કેવડું મોટું છે, તે નીચે પ્રમાણે વાંચવાથી ખબર પડશે.

તે નગરનો ઘેરાવો બાર માઇલ છે તેને ફરતો કોટ છે. અને તે કોટને બાર દરવાજા છે તે નગરની અંદર ચોરાશી બજાર ને તેમાં અઢારે જાત રહે છે.

આપણે ઉપર રાણીબાગ વાંચી ગયા તે બાગ કેવો છે તેનું વર્ણન કરીએ.

તે બાગ શહેરથી બે માઇલ પર આવેલો છે અને તે બાગનો ઘેરાવો દોઢ માઈલનો છે. તે બાગની વચ્ચે એક શુશોભીત મકાન છે, અને તે મકાનની આસપાસ ફુવારો છે. તે બાગની અંદર બધી જાતની વનસ્પતિ વાવવામાં આવી છે.

સવારના સાત વાગે બારે દરવાજેથી માણસ નીકળવા લાગ્યાં. ઝવેરી એક દરવાજે ઉભી રહી, પણ લાલનો પત્તો લાગ્યો નહી.

સાંજના ચાર વાગે ઝવેરીએ બધા દરવાજા બંધ કરાવ્યા. અને ફકત એક દરવાજો ઉઘાડો રાખવામાં આવ્યો ને દરવાજાના ઓટલા ઉપર બેઠી. જ્યારે સાંજના પાંચ

વાગ્યા એટલે બધા માણુસો શહેરમાં પેસવા લાગ્યાં. પણ લાલનો પતો ન લાગવાથી તે વધારે ઉદાસ થવા લાગી, પણ તેની આશા સફળ થઈ.

છેવટે પેલી મોચણ બકરી સાથે તે શહેરમાં આવવા લાગી. ઝવેરીને દેખી લાલ ખમચાયો. એટલામાં ઝવેરીની નજર પેલા કાળા દોરા ઉપર પડી. તેથી તે એકદમ ઉભી થઈ અને તે દોરો કાપી નાંખ્યો એટલે લાલ મનુષ્ય થઇ ગયો.

મોચણના હાંઝા ગગડી ગયા. પણ ઝવેરીએ તેને આ ગુના બદલ કશું કર્યું નહિ અને શાબાશી આપી, આ ઉપરથી સમજવાનુ કે કોઈએ આપણને નુકશાન કર્યું હોય પણ તેને નુકશાન ન કરતાં ઉપકાર કરવો.

ઝવેરીએ રાજાને કહ્યું કે તમારો જમાઇ આ રહ્યો અને હું તમારી દીકરી માટે તમે રાજકુંવરી તથા મને આ લાલની સાથે પરણાવો.

રાજાએ ધામધુમથી બંનેને પરણાવ્યાં અને તેમને રહેવાને માટે જુદો મહેલ આપ્યો.

લાલે પોતાનો જીવ બે વાર બચવાથી ઝવેરી જે કહે તે કરતો. અને રાજકુંવરીની કોઇ પણ જાતની દરકાર રાખતો નહી.

રાજકુંવરીએ છ મહીના સુધી લાલ પાસે રહી પછી તે પોતાના બાપના મહેલમાં આવી.

એક દિવસ મહોતા પરબ આવ્યું તે વખતે રાજકુંવરી તેની સખીઓસાથે પેલી તલાવડીમાં સ્નાન કરવા ગઇ.

સ્નાન કરતાં કરતાં, સખીઓ બોલી કે "હે રાજકુંવરી તારા જેટલું સુખ કોઇને નથી." કુંવરી બોલી કે મારા જેટલું દુઃખ કોઈને નથી. કારણ કે લાલ ઝવેરીનું કહ્યું માને છે, અને મારૂં કહ્યું માનતા નથી. બીજું કારણ લાલ આ તલાવડીના સાપના કુળનો છે.

આ બધી વાત લાલની મા ત્યાં આગળ હતી તેણે સાંભળી. આથી તે બહુ પ્રસન્ન થઈ, રાજકુંવરી સ્નાન કરી તે રાજમહેલમાં ચાલી ગઇ.

આ વાત અહીંથી બંધ થઇ ને લાલની મા શું શું કરે છે તે આપણે જોઇએ.

લાલની માને વિચાર આવ્યો કે લાલને કયે રસ્તે ઘેર લાવું. છેવટે એક યુક્તિ શોધી કાઢી તે યુક્તિ નીચે પ્રમાણે.

તે દરરોજ સવારમાં ઈલાયચી, બદામ નાખીને તૈયાર કરેલું દુધ તે શહેરમાં જ્યાં આગળ લાલનો મહેલ હતો ત્યાં આગળ વેચવા જતી અને તે દુધ શહેરના દુધ કરતાં ઓછા ભાવે આપતી. આથી તેનું દુધ બધા લોકો લેતા અને ઝવેરી પણ તેનું લેતી.

એક દીવસ સવારમાં ઝવેરીને પોતાની માની કનેથી દુધ લેતાં જોઈ. દુધ લીધા પછી લાલે ઝવેરીને કહ્યું તારે

તે બાઇ પાસેથી દુધ લેવું નહી, પણ ઝવેરીએ તેની કનેથી દુધ લેવાનું ચાલુ રાખ્યું.

ત્યારબાદ એક દીવસ નાગણે કહ્યું, કે તમે તમારા ભરથારને પુછજો કે તમારા બાપનું નામ શું, અથવા મને તમારી થાળીમાં ખાવા દો.

લાલ જ્યારે દરબારમાંથી બાર વાગે આવ્યો ત્યારે ઝવેરીએ કહ્યું, કે તમારા બાપનું નામ શું ? લાલે કહ્યું કે મારા બાપનું નામ સરદારસીંગ. ઝવેરીએ સાચૂ માન્યું

બીજે દિવસે સવારમાં નાગણ દુધ આપવા આવી, ત્યારે પુછયું કે તમે તમારા ભરથારને નામ પુછયું કે ? ઝવેરી બોલી કે હા. શું કહ્યું, એ તમે મને કહો ? ઝવેરીએ કહ્યું કે સરદારસીંગ.

નાગણે કહ્યું, કે તમે તમારા ભરથારને કહેજો, કે તમે મણીમાંથી ઉત્પન્ન થયા છો માટે તમારા બાપ સરદારસીંગ હોયજ નહિ, માટે તમે તમારા બાપનું નામ સાચું કહો નહી તો તમારી થાળીમાં ખાવા દો, એમ કહી તે નાગણ ચાલી ગઈ.

લાલ પાછો તે દીવસે દરબારમાંથી આવ્યો ત્યારે ઝવેરીએ કહ્યું. કે તમારા બાપનું નામ શુ ? ત્યારે લાલ બોલ્યો કે સરદારસીંગ. ત્યારે ઝવેરી બોલી કે સરદારસીંગ હોયજ નહી; કારણ કે તમે મણીમાંથી ઉત્પન્ન થયા છો.

માટે સાચુ કહો નહી તો તમારી થાળીમાં મને ખાવા દો. લાલે કહ્યું કે હું આજે નહીં દઉં કાલે દઈશ એમ વાયદા ઉપર વાયદા કરતો જાય.

પણ ઝવેરીએ તેનો કેડો ના છોડયો. ત્યારે છેવટે લાલ વિચાર કરવા લાગ્યો કે હું જો મારી થાળીમાં ખાવા દઉં તો ઝવેરી મરી જાય છે અને હું નામ દઉં છું તો હું નાગ થઈ જાઉં છું છેવટે તે એક નિશ્ચય ઉપર આવ્યો કે કાલે તલાવની ઉપર જઈ ત્યાં આગળ બાપનું નામ દઇ હું મારા ઘરમાં ચાલ્યો જઇશ. એમ વિચાર કરી ઝવેરીને કહ્યું, કે હું પેલી તલાવડી ઉપર હું મારા બાપનું નામ દઇશ એમ કહી તે દરબારમાં ચાલ્યો ગયો.

આથી ઝવેરી બહુ આનંદમાં આવી ગઇ. ગુજરાતીમાં કહેવત છે કે (નારીની બુદ્ધિ પાનીએ હોય)

બીજે દીવસે સવારમાં લાલ અને ઝવેરી બંને પેલી તલાવડી ઉપર ગયાં પછી લાલ તલાવડીની અંદર ગયો અને બોલ્યો.

ઝવેરી હું મારા બાપનું નામ દઉં કે પાછો આવું.

ઝવેરી બોલી કે નામ દો.

લાલ ઢેંચણ સુધી પાણીમાં ગયો અને બોલ્યો, કે ઝવેરી નામ દઉં કે પાછો આવું.

ઝવેરી બોલી કે નામ દો.

પાછો લાલ ગળા સુધી પાણીમાં ગયો અને બોલ્યો કે ઝવેરી નામ લઉં કે પાછો આવું

ઝવેરી બોલી કે નામ દો.

છેવટે લાલ બોલ્યો કે મારા બાપનું નામ નાગ. નાગ કહેતાંની વારજ લાલ નાગ થઈ પોતાને ઘેર ચાલ્યો. (આ ઉપરથી સમજવાનું કે ઝવેરીને ન મારતાં આ મનુષ્યનુ સુખ તજી નાગ થઈ ચાલ્યો ગયો, તે એક ક્ષમાનો બીજો દાખલો.)

પછી ઝવેરી નીરાશ થઇ ઘેર ચાલી આવી, અને રાજાને ખબર કહાવી કે લાલ શીકાર કરવાને બહાર ગયા છે તે હજી સુધી આવ્યા નથી માટે તમે જલદી તપાસ કરો.

રાજાએ લાલની તપાસને માટે માણુસો મોકલ્યાં પણ માણુસો નીરાશ થઇને પાછાં આવ્યાં છેવટે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે " જે કોઈ લાલને શોધી લાવશે તેને અડધું રાજપાટ રાજા આપશે. " પણ લાલ સાપ થઇ ચાલ્યો ગયો છે એટલે કયાંથી જડે. છેવટે રાજા નિરાશ થયો.

લાલના ગયા બાદ ઝવેરીએ બધા શણુગાર ઉતારી નાખ્યાં અને ધોળાં વસ્ત્ર પહેરવા માંડયાં અને એક સદાવ્રત ખોલ્યું.

લાલને મરી ગયે એક મહીનો થયો, તેજ દિવસ તે શહેરથી પાંચ માઇલને છેટે એક ગામ હતું તેમાંથી એક બહુજ ગરીબ બ્રાહ્મણુ સીધું લેવાને આવ્યો. ઝવેરીએ બ્રાહ્મ-

ણુને દેખી કહ્યું કે આજે તમે અહીં રહો અને કાલે સવારે જજો. કારણ કે આજે મારા લાલને ગયાં એક મહીનો થયો

બ્રાહ્મણે કહ્યું કે બાઈ ક્ષમા કરજો. કારણ કે મારાં છોકરાં કાલનાં ભુખ્યાં છે માટે મને હમણાં જવા દયો.

ઝવેરીએ ના કહ્યું તેથી તેણે ત્યાં આગળ રસોઈ કરીને જમ્યો અને પછી ઝવેરીએ બધી પોતાની વીગત કહી સંભળાવી આથી તે બહુ દિલગીર થયો પણ કરે શું પછી ઝવેરીએ સીધુ આપ્યું અને પાંચ રૂપીઆ દક્ષિણા આપી વિદાય કર્યો.

પેલી તલાવડીની પાળ ઉપર થઇ બ્રાહ્મણને પોતાના ગામમાં જવાનો રસ્તો છે. બ્રાહ્મણ તે તલાવડી નજીક આવ્યો એટલામાં સંધ્યાકાળ થઈ તેથી તે નજીકના વડ ઉપર ચઢીને બેઠો.

આ વાત અહીંથી બંધ રહી અને લાલનું શું થયું તેનું વર્ણન નીચે પ્રમાણે છે,

લાલની માએ માનતા માની હતી કે લાલ જડે તો આખા ગામના લોકોને છ મહીના સુધી તલાવડીના કાંઠા ઉપર મીજબાની આપવી. આથી દરરોજ તે કાંઠા ઉપર મીજબાની આપતી હતી.

મીજબાની શી રીતે થતી તેનુ વર્ણન નાચે પ્રમાણે છે.

પહેલાં બે સાપ આવતા તે તલાવડીનો કાંઠો ચોકખો કરતા, પછી બે સાપ આવતા તે દુધનાં કુડાં બીછાના ઉપર મેલી ચાલ્યા જતા, પછી બે સાપ આવતા તે ફુલ વેંચી ચાલ્યા જતા, અને છેવટે બે સાપ આવતા તે અતર તથા ગુલાબ છાંટી ચાલ્યા જતા, છેવટે એક મોટો નાગ અને તેની આસપાસ નાના મોટા નાગો વીટળાઈ તે બીછાનાપર આવતા તેમાં લાલ પણ આવતો પણ તે ઉદાસ મુખે ઝવેરીનો મહેલ જે તરફ હતો તે તરફ બેસી રહેતો.

આજે તે લાલના બાપે કહ્યું કે લાલ આ વખતમં ઝવેરીને વીસરી જાવો. અને અહીંનું સુખ માનો પણ લાલ ખાતો નથી કે પીતો નથી અને શોકવાન થઈ બેસી રહે છે.

આ બધું પેલા બ્રાહ્મણે સાંભળ્યું તેથી તેને ઝવેરીની વાત સત્ય લાગી તેથી બીજે દીવસે પોતાને ત્યાં સીધુ નાખી તરત પાછો ફર્યો અને ઝવેરીના મહેલમાં આવી પહોંચ્યો.

બ્રાહ્મણે ઝવેરીને કહ્યું કે તમે હું જે કહું તે તમે મને આલો હું તમારા લાલને મેળવી શકીશ.

ઝવેરીએ ઉત્તર આપ્યો કે તમે જે કહેશો તે હું કરીશ.

બ્રાહ્મણે કહ્યું પચીસ મણ દુધ તેજાના નાંખી ઉકાળો અને તેનાં કુંડાં ભરી તલાવડીના કાંઠા ઉપર સાંજના છ વાગે મેલી આવો.

ઝવેરીએ પચીસ મણ દુધ તેજાના નાંખી ઉકાળ્યું અને તેનાં કુડાં ભરી તલાવડીના કાંઠા ઉપર મેલી દીધાં, તથા સુંદર બીછાનાં પથરાવ્યાં અને અત્તર તથા ગુલાબજળ છાંટવામાં આવ્યું.

પછી સંધ્યાકાળે ઝવેરી અને બ્રાહ્મણ પેલા વડ ઉપર ચઢી ને બેઠા.

રાતના સાત વાગે ઉપર જણાવ્યા પ્રમાણે પેલા બે સાપ આવ્યા તે પાછા ન જતાં, ત્યાં આળોટવા લાગ્યા બીજા બે સાપ આવ્યા તે પણ પાછા ન જતાં તેમના જેવું કરવા લાગ્યા.

ઘેર એક સાપ પાછો ન આવવાથી, શહેરમાં હાહાકાર વર્તી રહ્યો. આનું પરીણામ જોવાને બધું ટોળું આવ્યું. આ ટોળાએ આ બધું જોઇ એકદમ અચંબો પામી ગયા. અને લાલનો બાપ બોલ્યો કે "જે માણસે આ કામ કર્યું છે, તે જો હમણાં અહીંયાં હોય તો જે માગે તે આપું."

આ વચન સાંભળીને બ્રાહ્મણ બોલ્યો કે ઝવેરી નીચે ઉતર અને લાલના બાપને પગે પડ !

ઝવેરી કોઈ ના જાણે તેમ ઉતરી અને લાલના બાપના પગે પડી તે સાથે કહ્યું કે "અખંડ સોભાગ્યવંતી"

ઝવેરી તે વખતે બોલી કે મારૂં સોભાગ્યવંત તમારી કને છે.

સાપે કહ્યું કે કોણ ? ઝવેરી,

ઝવેરી બોલી કે હા,

સાપે લાલના ભણી જોઇ બોલ્યો કે લાલ ઉઠો " તમને મારો આશીવાંદ છે " તમે સો વરસ સુધી મનુષ્યનું રૂપ ધારણ કરો અને ત્યાર પછી તમે પાછા આવજો.

લાલ અને ઝવેરી બન્ને શહેરમાં ગયાં લાલને આવ્યાની વાત જાણી આખા શહેરમાં આનંદ આનંદ થઇ રહયો.

સમાપ્ત

જરૂર વાંચો- નવીન રસથી ભરપુર -કલ્પીત નોવેલ.

શેઠજી શાણા થઇ ના આવશો મુજ ધામ પર,
ખીસ્સા થયા ખાલી હવે લ્યાનત છે તમ નામ પર;
રંગ રાગ રમવા હોય તો ખીસ્સાં ભરી તમ આવજો,
પ્યારી કહેવી હોય તો કલદાર સાથે લાવજો.

એટલે શું ???

એનો તમામ ભેદ જાણવા સારૂ આજેજ મંગાવો

પૈસાદારની પુત્રી

(યાને)

ઇજ્જતનું લીલામ.

હરેક ગામમાં તમામ બુકસેલરોને ત્યાં મળશે.

કીંમત ફક્ત રૂા ૧-૮-૦ પોસ્ટેજ જુદુ.

છપાવનાર,

બુકસેલર કંચનલાલ શાન્તીલાલ બ્રધર્સ.

મુ. નડીઆદ.

એમ. વાડીલાલની કં અમદાવાદ